સંગઠન સંપ સહકાર

**૧૦૮ સંસ્કાર જ્યોત**


*Website :*
*www.108samaj.org.*
*E-mail : info@108samaj.org.*

**વર્ષ ૭ નં. ૩૭**

*August - 2011*
*Published, Printed & Edited by*
*Shree B. M. Shah on behalft of*
***Shree Jain Visha Shrimali 108 na Gol nu Yuvak Mandal, Ahmedabad.***



**ટ્રસ્ટી મંડળ**

| | | |
|---|---|---|
| બચુભાઈ એફ. શાહ | – | ધોળાસણ |
| ભૂપેન્દ્ર એમ. શાહ | – | ધિણોજ |
| કપુરભાઈ આર. શાહ | – | લીંચ |
| જયકુમાર સી. શાહ | – | આસજોલ |

| | | | | |
|---|---|---|---|---|
| પ્રમુખ | - | ભૂપેન્દ્ર એમ. શાહ | - | ધિણોજ |
| ઉપપ્રમુખ | - | પ્રવિણ કે. મહેતા | - | બોરીયાવી |
| મંત્રી | - | ચંદ્રાકાન્ત ટી. શાહ | - | મોટીદાઉ |
| સહમંત્રી | - | હર્ષદભાઈ બાબુલાલ શાહ | - | લણવા |
| ખજાનચી | - | દિલીપભાઈ સી. મહેતા | - | છઠીયારડા |

● સંપાદક મંડળ ●
માનદ્ સંપાદક
**ડો. નવિન એસ. શાહ**
● કાર્યકારી સંપાદક ●
**શ્રી સમીર પી. શાહ**
મો. : ૯૮૨૫૦૨૭૮૮૭ (રહે.) ૨૬૬૫૨૫૨૫
*E-mail : samirshah13@yahoo.com*

● સહ સંપાદક ●
**શ્રી વિરલ લાલભાઈ શાહ**
મો. : ૯૮૨૫૧૩૫૪૪૬ (રહે.) ૨૬૬૦૩૪૪૬
*E-mail : viraltraders@gmail.com*


# સંપાદકીય

## પત્ની (બૈરી) કાળી–ગોરી પણ મોબાઈલ તો બ્લેકબેરી જ.

આ અંકમાં થોડીક વાતો મોબાઈલના ઉપયોગ–ગેર ઉપયોગ વિશે આજના ત્રીસ વર્ષ સુધીના યુવાનોની જાણકારી માટે તેમના જન્મ સમય પહેલાંનાં સંપર્ક સાધનોની મહત્તા અને ઉપયોગ વિશે મહોલ્લામાં અથવા ગામ આખામાં બે–પાંચ પરિવાર પાસે ટેલિફોન હોય. ટેલિફોન ધારકનું ગૌરવ કોઈ વી.આઈ.પી. થી કમ નહિ તેમનો નંબર આપણાં પરિચિતોને આપીએ, પણ તાકીદ સાથે કે અનિવાર્ય સંજોગોમાં જ ફોન કરવો. ટેલિફોન ધારક પણ ગમા–અણગમા સહિત આડોશ–પાડોશની વ્યક્તિઓ બે–ત્રણ ફોન કરીને એક રૂપિયો મુકતાં. દૂર રહેનાર વ્યક્તિના સંપર્ક માટે એસ.ટી.ડી. બુથ ઉપર જવું પડતું. ટ્રંક કોલ નોંધાવવા પડતાં. આમ અગાઉ ટેલિફોન જે વટ ધરાવતું હતું તે આઈ.ટી. અને સોફ્ટવેર ક્રાંતિમાં મોબાઈલના આગમન સાથે નગણ્ય બની ચુક્યો છે.

પથારીમાં મોબાઈલ ફોન રાખીને સુનારા સવારે ઉઠતાંવેત બે હાથ વચ્ચે પ્રભુના સ્મરણને બદલે મોબાઈલ દર્શન તથા એસ.એમ.એસ. પાઠનું વાંચન કરે છે. પોતાની સ્મરણશક્તિને બદલે મોબાઈલની મેમરી કાર્ડ પર વધુ વિશ્વાસ ધરાવે છે, આજનો યુવાન.

મોબાઈલ હવે તો એટલાં હાથ–હોઠન વગાં છે કે તેના વિનાનો માનવી વિચારી શકાય તેમ નથી. મહેતન કશ પરિવાર હોય કે ધનાઢ્ય પરિવાર, સહુ પોતાના સ્તર પ્રમાણે પરિવાર માટે તથા બાળકો માટે મોબાઈલ ખરીદે છે. બાળકો સસ્તા ફોનથી શરમાય છે. સ્માર્ટ ફોન તે તેમની આવશ્યકતા છે માં–બાપ મુશ્કેલી વચ્ચે ખેંચાઈને પણ સ્માર્ટ ફોન અપાવશે, પણ બાળકને સંતોષ નથી. આવા સંતાનો હજુ કમાતા થયા નથી હોતા છતાં તેમને અનલીમીટેડ ટોક ટાઈમવાળા પ્લાન જોઈએ છે. આ ફોનથી બાળક પ્રતિદિન પોતાના મા–બાપ સાથે કેટલી વાર વાત કરે છે તે એક પ્રશ્નાર્થ છે. કારણકે સંતાનોનું બહાનું “બેલેન્સ” ઓછું છે પણ આ બેલેન્સ માતા પિતા તથા સંતાનના સંબધોનું ઓછું હોય છે. સંતાનને ઘેર પહોંચવામાં મોડું થાય ત્યારે મા–બાપનો ફોન તેને જોહુકમી તથા જાસુસી લાગે છે.

મોબાઈલ ફોન સંપર્ક સેતુ બનવાને બદલે શંકા અને અવિશ્વાસ વાચક બની ગયા છે જ્યાં જવાનું કહીને ગયો છે ત્યાં નથી અને જ્યાં છે તેની સાચી જાણ કરતો નથી. મોબાઈલની રીંગ વાગતાં તરત જ ફોન ઉપાડનારા જાણે અણ સમજું છે. કેટલાંક પોતાની વ્યસ્તતાનું પ્રદર્શન કરવા મોબાઈલ ઉપાડતાં જ નથી. અને મીસ કોલ જોવાનો પણ સમય નથી તેમ વધુ વ્યસ્તતાનો દેખાવ કરે છે.

મોબાઈલ પર વાત કરતાં કરતાં અચાનક પગમાં ગતિ આવે છે અને વાત કરતાં એટલે દૂર નીકળી જાય કે પાછા ફરવા રીક્ષા કરવી પડે અથવા ડ્રાઈવરને ત્યાં સુધી લેવા આવવું પડે.

મોબાઈલ ફોન શોધનો હેતુ અતિ આવશ્યક એવા સંપર્ક માટે હતો. અનિવાર્ય સંદેશાની ટૂંકી–આપલે માટે હતો. શરૂઆતમાં જ્યારે આઉટગોઇંગ ૧૬.૦૦ રૂા. તથા ઈન–કમીંગ ૮.૦૦ રૂા. મિનીટ હતો ત્યારે આ હેતુ સચવાતો હતો. કામની વાત માટે મોબાઈલ ફોન પર સૌથી વધુ વ્યસ્ત છે અને જે વ્યસ્ત છે તે મોબાઈલ ફોન રાખતો જ નથી.

મોબાઈલના ઉપયોગની સભ્યતા તથા તેના રેડીયેશનની હાનિકારક અસરો વિશે આવતા અંકે.

**ડૉ. નવીન શાહ**

# પ્રમુખસ્થાનેથી

દરેક વર્ષે માર્ચ મહિનાની આજુબાજુ પ્રકાશિત થતા ૧૦૮ સંસ્કાર જયોતમાં લખવાનું થાય એટલે સ્વાભાવિક રીતે વિતેલ વર્ષના સરવૈયા ઉપર નજર માંડવાનું મન થાય છે. અત્યાર સુધીના અમારા અનુભવ મુજબ પ્રત્યેક વિતેલ વર્ષમાં લગભગ બધા જ આયોજન અને કાર્યક્રમો અમારા કારોબારી સમિતિની ધારણાં અને અપેક્ષા મુજબ સફળતા સાથે સંપન્ન થતા જોયાં છે. વર્ષ ૨૦૧૦-૧૧ આ ગણત્રીએ અસફળ રહયું છે એમ કહી શકાય. આજે આ સંબંધી દિલ ખોલીને વાતની ચર્ચા છેડવી છે.

વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન મંડળના સૌ સભ્યોને તેમની વય, રૂચિ, વિષય અને ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષના પ્રારંભે જ ટ્રસ્ટી **શ્રી જયેશભાઈ ચંદુલાલ શાહના** નિવાસસ્થાને સંપૂર્ણ કારોબારી સમિતિની એક ખાસ મિટિંગ નવા વર્ષનાં આયોજન અંગે સઘન વિચારણા કરવા રાખવામાં આવી હતી. બધા જ પાસાઓને ધ્યાનમાં રાખીને લગભગ ૧૦ અલગ અલગ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવાનું નક્કી થયું હતું અને તેના સફળ અમલ માટે અલગ અલગ ટીમ નક્કી કરવામાં આવી હતી. આ ટાઈમ ટેબલ અનુસાર વર્ષ ૨૦૧૦-૧૧ માં નીચે પ્રમાણેના કાર્યક્રમો આપવામાં આવ્યા હતા.

(૧) ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને સફળ કારકીર્દિ સિધ્ધ કરવા માર્ગદર્શન શિબિર

(૨) જ્ઞાતિના સભ્યોની કળા અને કૌશલ્યને રજૂ કરવા ટેલેન્ટ ઈવનિંગ.

(૩) બહેનો અને ગૃહિણીઓના ગમતા વિષયો ઉપર નિષ્ણાતો દ્વારા ચર્ચા અને નિર્દેશન.

(૪) સામૂહિક પારણા અને તપસ્વી બહુમાન.

(૫) તેજસ્વી વિદ્યાર્થી પુરસ્કાર સમારંભ.

(૬) ક્રિકેટ મેચ

(૭) વ્યક્તિત્વ વિકાસ અને વકૃત્વ કૌશલ્યને અંગે ચાર રવિવારની શિબિર.

(૮) બહેનોને વર્તમાન સમયમાં ખૂબ જરૂરી એવું કોમ્પ્યુટર અંગે બેઝિક શિક્ષણ અને ઈન્ટરનેટ-ઈમેઈલ અંગે સમજ માટે બે રવિવારની વર્કશોપ.

(૯) ૧૦૮ના ગોળના ગામના પ્રાચીન જિનાલયોની ચૈત્ય પરિપાટી.

(૧૦) ઉધોગોની કાર્યપધ્ધતિની સાચી જાણકારી માટે પ્લાન્ટ વિઝિટ.

બહુ ઓછા જ્ઞાતિમંડળો આવા અગોતરા આયોજન અને ચિંતન શિબિરની પ્રણાલી અનુસરતા હશે. અમારો આશય સાંપ્રત સમયમાં પ્રસ્તુત સઘળી માહિતી, જ્ઞાન, અનુભવ અને કૌશલ્ય જેને જેને જરૂરી અને ઉપયોગી લાગે તે સૌ માટે તે ઉપલબ્ધ થાય તેવા કાર્યક્રમો યોજવાનો રહયો છે. પણ ખૂબ દુઃખ અને નિરાશા સાથે જણાવવું પડે છે કે વિતેલ વર્ષમાં જે સભ્યો અને તેમના પરિવારજનોને માટે આખું વર્ષ મથામણ કરી તે સૌ જાગ્યા જ નહીં. મોટા ભાગના સભ્યો ઉદાસિન વૃત્તિને વળગી રહ્યા, કોઈને રવિવાર વ્હાલો લાગે છે, તો કોઈને પરિવાર છૂટતો નથી. ખોટી સલાહ અને ધરેડમાં જોતરાઈને ભળતી કારકીર્દી પસંદ કરતા બાળકોના મા-બાપને એમના ભવિષ્યની જાણે કાંઈ ચિંતા નથી. મંડળની કારોબારી સમિતિના સંબંધો અને ઓળખાણનો ઉપયોગ સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે કરવાના સઘળા પ્રયત્નોને સાવ ઠંડો પ્રતિસાદ મળે છે. ત્યારે આમંત્રિત નિષ્ણાંતો પણ અચરજ પામે છે.

એક વર્ગ સમાજનો ચોક્કસ વફાદાર છે, નિયમિત છે, નવું નવું શીખવાનું અને અપનાવવાની ઝંખના રાખે છે. જ્યારે જે કાર્યક્રમોમાં ફી આપીને જ ભાગ લઈ શકાય તેવા પ્રસંગે ૧૦, ૨૦ કે ૪૦ સભ્યો માંડ ઉપસ્થિત રહે ત્યારે માનવું પડે કે ક્યાંક અંતર વધ્યું છે, ક્યાંક સેતુ બંધાયો નથી અને ક્યાંક સમય પહેલા પહેલ કરી છે તો ક્યાંક જેની ચિંતા કરીએ છીએ તેમને જ કોઈ પડી નથી અને ક્યાંક આર્થિક બોજ વધારે લાગતો હોય અને ક્યારેક ઘરથી પ્રસંગ સુધીનું અંતર આળસ અને ખર્ચનું કારણ બનતું હોય.

ચિંતાની વિશેષ વાત એ છે કે સમાજના ઘણા બધા સભ્યોમાં કટિબધ્ધતા અને જવાબદારીને સાવ ગૌણ ગણીને બેફિકર વર્તન જણાઈ આવે છે. એક ઉદાહરણ આપું તો તા. ૨૩ જાન્યુઆરી ૨૦૧૧ ના રોજ ઈન્ટરનેટ શિક્ષણના કાર્યક્રમમાં ૪૨ નામ નોંધાયા છતાં હાજર રહી ફક્ત ૧૮ બહેનો. એક સમયે ક્રિકેટ મેચમાં ભાગ લેવા કાતિલ ઠંડીમાં પણ યુવાનો સવારે ૭ વાગે હાજર થઈ જતા. જ્યારે ચાલુ વર્ષે માંડ ત્રણ ટીમ બની શકી. **ધ્વનિત** જેવા રેડિયો સ્ટારની હાજરીની જાણ છતા સાવ નાનો એચ. કે. કૉલેજ હોલ લગભગ ૩૦ ટકા ખાલી હતો. એકાદ-બે કાર્યક્રમ તમામ વયના સભ્યો માટે રસપ્રદ કે અનુકુળ ન હોય તે સ્વાભાવિક છે. પણ બધા જ પ્રસંગે સમાજનું ઉદાસીન વલણ દેખાઈ આવે ત્યારે બધાએ આત્મખોજની જરૂર છે અને તેની શરૂઆત અમારે અહીંથી કરવી પડી છે.

વર્તમાન સમયમાં ધંધા કરતા નોકરીની તકો વિશેષ ઉજળી છે. પણ તે ક્ષેત્રમાં આગળ આવવા શૈક્ષણિક લાયકાત ઉપરાંત વિશેષ કૌશલ્યની જરૂર પડે છે. આપણા સમાજનાં યુવાન અને યુવતીઓ પાછા ન પડે તે હેતુથી ચાર રવિવારે ટાઈમ મેનેજમેન્ટ, પબ્લિક સ્પીકીંગ, ટેબલ મેનર્સ, અને અસરકારક કમ્યુનિકેશન જેવા વિષયોને આવરી લઈને નિષ્ણાત સલાહકારોને બોલાવેલ ત્યારે ૨૦ થી ૨૫ સભ્યોએ ભાગ લીધો. આવું થાય ત્યારે માનવું પડે કે આપણો યુવાન વર્ગ એટલો કુશળ છે કે એને સફળ ઈન્ટરવ્યુ આપવા માટે કોઈ સલાહ કે સૂચનની આવશ્યકતા નથી !

આ આક્રોષ અસ્થાને નથી. હકીકત એવી છે કે ધીરે ધીરે દરેક ક્ષેત્રે અલગ અલગ ગ્રુપ બનતા જાય છે. સૌને નાના અને પોતાના વર્તુળમાં રહેવું અનુકુળ બનતું જાય છે. ભૌગોલિક, આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને વૈચારિક ભિન્નતા ધરાવતા ૧૦૮ના સમાજના સભ્યોને એક નેજા હેઠળ એકત્ર કરવાનું કાર્ય હવે કઠીન બનતું જાય છે. એટલે જ કલબ સાથે સંકળાયેલ રહેવામાં નવી પેઢી સમાજ સાથે જોડાવામાં કદાચ બંધન અનુભવે છે એક સમય હમણાં સુધી હતો જ્યારે લગ્ન સંબંધો સમાજમાં જ બંધાય તેવી અપેક્ષાએ સૌ જોડાયેલ રહેવામાં રસ ધરાવતા રહેતા હતા. આજે ટૂંકાગાળામાં ગ્લોબલાઈઝેશનની અસર હેઠળ નવી પેઢી કુટુંબથી દૂર ભણતી અને રહેતી થઈ ગઈ. પરિણામે 'સમાજ' નામનું ગૌરવ અપ્રસ્તુત બની ગયું છે. શિક્ષણ અને પૈસો બંનેએ વ્યક્તિને ઉદારવાદી બનાવી દીધા છે, મોટા ફલક ઉપર લઈ ગયા છે અને કદાચ એટલે '૧૦૮' સમાજ સાથે રહેવાનો રોમાંચ અદ્રશ્ય થઈ ગયો છે. વ્યવસાયિક-ધંધાકીય ગ્રુપ અને પ્રત્યક્ષ કોઈ લાભ દેખાતો નથી.


આપણા સંતાનો અહીં જ પરણશે એ માનવું ભુલ ભરેલું છે એટલે ૧૦૮ માં લગ્ન સંબંધ બાંધવા માટે જ સમાજની જરૂર નથી. વર્તમાન સમયમાં ઘણા બધા અન્ય પરિબળો છે જે સાર્વજનિક વિકાસ અને ઉત્કર્ષ માટે સૌને સાથે રહેવાની ફરજ પાડે છે. મારા અગાઉના લેખોમાં સમાજની જરૂરિયાત ઉપર ઘણીવાર લખ્યું છે. વ્યક્તિ, પરિવાર અને મિત્રવર્તુળ પછી સમાજ સાથેનો સંબંધ જ ઉપયોગી અને અનિવાર્ય બને છે. એટલે ૧૦૮ માંથી છૂટવાનો પ્રયાસ સર્વથા સૌને હાનિકારક જ છે, અને એવો અભિગમ ચોક્કસ દુષિત પરિણામોનાં કારક બની રહેશે. આ પરિસ્થિતિને લાંબાગાળાનાં પરિણામોના સંદર્ભમાં જોતા મને ગંભીર રીતે મૂલવવાનું જરૂરી લાગ્યું છે. આપ સૌને માટે આ પ્રશ્ન વિચારવા માટે રજૂ કર્યો છે. રજૂઆત કદાચ જલદ લાગે પણ એ ચોક્કસ વિચાર માંગી લે તેવી છે. સૌ સુજ્ઞ સભ્યોને મારી નમ્ર વિનંતિ છે કે આ પરિસ્થિતિની જાતે મૂલવણી કરીને એમના દ્રષ્ટિબિંદુ અમારા સુધી પહોંચાડે તો આવતા વર્ષોનો નકશો દોરવાનું કદાચ સરળ બંને.

જ્યાં સુધી ક્ષિતિજે સોનેરી રેખાનો અણસાર ન આવે ત્યાં સુધી વર્તમાન કાર્યક્રમોને કદાચ સુષુપ્ત અવસ્થામાં મુકવાની ફરજ પડે. અખતરા માટે પણ સમયની ઘડિયાળ ૨૦ વર્ષ પાછળ મૂકીને ફરી શરૂઆત કરવાની અમારી તૈયારી છે. વર્ષ ૨૦૧૧-૧૨ એટલે વર્ષ ૧૯૯૧-૯૨ સમજીને ચાલીએ એવો અમારો પ્રયોગ શરૂ કરવાનો વિચાર છે. સૌના સાથ અને સહકારથી આ પ્રયોગ કદાચ સુખદ અને આશ્ચર્યજનક પરિણામ લાવી શકે!

**અસ્તુ**

# શ્રધ્ધાંજલિ

## સ્વ. શ્રી કાંતિલાલ જેસંગલાલ મહેતા (બોરિયાવી)



આપણા મંડળનાં વરિષ્ઠ સભ્ય અને સદાયને માટે મંડળના હિતચિંતક એવા **સ્વ. કાંતિલાલ જેસંગલાલ મહેતા(બોરિયાવી)**ની વિદાયથી મંડળ ઘેરા શોક અને દુ:ખની લાગણી અનુભવે છે. મંડળના ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ મહેતાના પિતાશ્રી 'કાંતિકાકાના' લાડીલા નામે સમગ્ર ૧૦૮ની જ્ઞાતિમાં એક વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં હતા. એમની દીર્ઘ જીવનયાત્રામાં સામાજિક સેવા એ એમનું નોંધપાત્ર યોગદાન અને આગવી લાક્ષણિકતા હતા. મહેસાણા એમની કર્મભુમિ રહી હતી જ્યાં ઘણી બધી ધાર્મિક, સામાજીક અને વાણિજ્ય સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. ઘણી બધી સંસ્થામાં પ્રમુખ, ચેરમેન, ડાયરેક્ટર જેવા હોદ્દા પર રહીને જવાબદારી અદા કરી હતી. સર્વોદય કો. ઓ. બેંક, મહેસાણા સાર્વજનિક કેળવણી મંડળ, ગુજરાત વહેપારી મહામંડળ, મહેસાણા પાંજરાપોળ એમ ઘણી બધી સંસ્થાઓમાં સક્રિય રીતે નોંધપાત્ર ફાળો આપ્યો હતો. શેષકાળમાં અમદાવાદ સ્થિર થયા હતા અને આપણા મંડળની બધી જ પ્રવૃત્તિમાં વિશેષ રસ ધરાવતા હતા. મંડળ અવિરત પ્રગતિ કરે અને ખાસ તો પોતાની એક સ્થાવર મિલકત ઉભી કરે એ એમનું એક સ્વપ્ન હતું. મંડળને દરેક પ્રસંગે એમના પરિવાર તરફથી યોગદાન મળતું રહ્યું.

છેલ્લે એમના ધર્મપત્ની **સ્વ. તારાબેન** ની સ્મૃતિમાં મંડળના તેજસ્વી વિદ્યાર્થીઓનાં બહુમાન અને ઈનામ વિતરણ માટે લાંબા ગાળાની યોજનામાં રૂા. ૧,૫૦,૦૦૦ની અનુમોદનીય સખાવત કરીને સુકૃતનું સુંદર ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આવી સંનિષ્ઠ અને સેવાભાવી પ્રતિભાની કાયમી વિદાયથી સમગ્ર ૧૦૮ સમાજને મોટી ખોટ પડી છે.

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને ચિર: શાંતિ આપે અને એ આત્મા અનંતની યાત્રાએ મોક્ષમાર્ગી બને એજ આપણી સૌની ઈશ્વરને એજ પ્રાર્થના.

## સ્વ. મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ (અંબાસણ)

આપણા મંડળના આજીવન સભ્ય અને ભૂતપૂર્વ કારોબારી સભ્યશ્રી મહેન્દ્રભાઈ ડાહ્યાલાલ શાહે (અંબાસણ) તા. ૩૧-૦૫-૨૦૧૧, બુધવારના રોજ આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી હતી. મિલનસાર, સ્પષ્ટવક્તા, જોશીલા સ્વભાવ અને ઝિંદાદીલીએ સ્વ. મહેન્દ્રભાઈની વિશિષ્ટ ઓળખાણ હતી. લાંબા સમય સુધી કારોબારી સમિતિમાં સક્રિય રહીને નાના મોટા દરેક પ્રસંગે નોંધપાત્ર ફાળો આપ્યો હતો. ભૂતકાળમાં સમૂહલગ્ન અને નાટકના આયોજનમાં પણ તન-મન-ધનથી મોટુ યોગદાન આપ્યું હતું. એક જાગૃત પ્રહરીની ફરજ અદા કરતા રહેતા સ્વ. મહેન્દ્રભાઈનું વ્યક્તિત્વ એમના સંપર્કમાં આવતા સૌને સદાને માટે યાદગાર બની રહેતું હતું.

આવા કાર્યનિષ્ઠ સભ્યની વિદાયથી મંડળ શોક અને દુ:ખની લાગણી અનુભવે છે. સદ્ગતનો આત્મા ચિર:શાંતિ પામે અને એમના પરિવારને આ દુ:ખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે એજ પ્રાર્થના.

# શોક સમાચાર

| | |
|---|---|
| (૧) વિનોદચંદ્ર ચીમનલાલ દોશી | (મહેસાણા) |
| (૨) સુહાગભાઈ ભાઈલાલભાઈ મણીયાર | (મહેસાણા) |
| (૩) પ્રભાવતીબેન પ્રવિણચંદ્ર શાહ | (પાંચોટ) |
| (૪) કાંતીલાલ દામોદરદાસ શાહ | (ચાણસ્મા) |
| (૫) કાંતીલાલ જેસંગલાલ મહેતા | (બોરીયાવી) |
| (૬) મનસુખલાલ હરગોવનદાસ શાહ | (ધોળાસણ) |
| (૭) મધુબેન મહેન્દ્રકુમાર શાહ | (કરજીસણ) |
| (૮) સુભદ્રાબેન નટવરલાલ શાહ | (લણવા) |
| (૯) રસીલાબેન મહેન્દ્રકુમાર શાહ | (ચાણસ્મા) |
| (૧૦) વિનોદકુમાર ચીમનલાલ શાહ | (ચાણસ્મા) |
| (૧૧) શારદાબેન જયંતીલાલ મણીયાર | (મહેસાણા) |
| (૧૨) રજનીકાંત કસ્તુરચંદ શાહ | (અંબાસણ) |
| (૧૩) મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ | (અંબાસણ) |
| (૧૪) સુભદ્રાબેન નટવરલાલ શાહ | (મોટીદાઉ) |
| (૧૫) વસુબેન વ્રજલાલ શાહ | (ધોળાસણ) |
| (૧૬) દીલીપકુમાર શાંતિલાલ મણીયાર | (મહેસાણા) |
| (૧૭) બાબુલાલ દલસુખભાઈ શાહ | (કૈયલ) |

**સ્વ. બાબુલાલ દલસુખરામ શાહ (કૈયલ) અને**
**સ્વ. સુભદ્રાબેન નટવરલાલ શાહ (લણવા)**
**સ્વ. પ્રભાવતીબેન પ્રવિણચંદ્ર શાહ (પાંચોટ)**

આપણા મંડળનાં વર્તમાન કારોબારી સભ્યશ્રી સમીર પી. શાહ (પાંચોટ) ના માતૃશ્રી પ્રભાવતીબેન શાહ અને શ્રી ગોવિંદભાઈ નટવરલાલ શાહ (લણવા) ના માતૃશ્રી સુભદ્રાબેન શાહ તથા મંડળના સિનિયર સભ્ય શ્રી બિપિનભાઈના પિતાશ્રી બાબુલાલ દલસુખરામ શાહ (કૈયલ) ના અવસાનથી સમગ્ર ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિ શોકની લાગણી અનુભવે છે. સદ્ગતની વિદાયથી તેમનો પરિવારમાં વડીલ સભ્યની ન પુરાય તેવી ખોટ પડી છે. પ્રભુ તેમના પરિવારને આ દુ:ખ અને આઘાત સહન કરવાની શક્તિ આપે અને સદ્ગતના આત્માને ચિર:શાંતિ મળે એજ પ્રાર્થના.

પ્રભુ સદ્ગતનાં પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે અને તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

## કંથરાવી – સંડેર – રણુંજ – પાટણનો યાત્રા પ્રવાસ
## રવિવાર તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૧

**"વતનની ધૂળ એ સોનાની ખાણ કરતા પણ મૂલ્યવાન છે"**

રણુંજ ગામની ભાગોળે ૧૦૮ યુવક મંડળના યાત્રિકોનું અભિવાદન અને ઉષ્માભર્યું સ્વાગત થઈ રહ્યું હતું ત્યારે સુવાક્યોના સંપુટમાં મોતી જેવા અક્ષરે લખાયેલ આ વાક્ય સૌનું ધ્યાન ખેંચી રહ્યું હતું.

'વતનનો સાદ' શ્રેણીમાં આ ત્રીજો યાત્રા પ્રવાસ અને વતનના પ્રાચીન જિનાલયોની ચૈત્ય પરિપાટી સમા આ પ્રસંગને સૌ યાત્રિકોએ મનભરીને માણ્યો. ૧૦૮ ગામના સમૂહ સમા આપણા ગોળના સભ્યોને પોતાના વતન સિવાય બીજા ગામોમાં જવાનો પ્રસંગ ભાગ્યે જ બને છે. કેટલાય સભ્યો એવા છે જેઓએ આજીવન બીજા ગામોના દર્શન કર્યા જ નથી. આવા સૌ સભ્યો માટે આ એક સોનેરી અવસર હતો જે ધ્વારા કંથરાવી – સંડેર – રણુંજ અને પાટણ જેવા પ્રાચીન ગામોમાં જવાનો અને જિનાલયોના દર્શન કરવાનો લ્હાવો મળ્યો.

રવિવારે સવારે બરાબર ૬–૩૦ કલાકે ધરણીધર દહેરાસર, પાલડીથી બસોએ પ્રયાણ કર્યું ત્યારે સૌ યાત્રિકોને અગાઉના બે પ્રવાસની યાદ આવી ગઈ. આખો કાર્યક્રમ બરાબર નક્કી કરેલા સમય પ્રમાણે સંપન્ન થયો અને નિર્ધારિત સમયે રાત્રે ૧૦–૩૦ કલાકે સૌ યાત્રિકો અમદાવાદ પરત આવ્યા. યાત્રા પ્રવાસનો પહેલો મુકામ કંથરાવી મુકામે આદેશ્વર દાદાના સમૂહ દર્શન, સ્તુતિ, થાળપૂજા અને ધૂન બાદ કંથરાવી જૈન સંઘ આયોજિત નવકારશીનો સૌએ લાભ લીધો. શિયાળાની આહ્‌લાદક સવારે પ્રસન્ન વાતાવરણમાં કંથરાવીજનોના પ્રેમ અને સ્નેહથી ભરપુર આગતા સ્વાગતાએ સૌના મન જીતી લીધા. સંઘનું બહુમાનકરીને રૂા. ૧૦૦૧ મંડળને ભેટ આપી. **સભ્યશ્રી ભરતભાઈ ગગલદાસ, પ્રદીપ અનંતભાઈ**એ ખડે પગે રહી યાત્રિકોની જે રીતે ભક્તિ કરી તે ખૂબ અનુમોદનીય હતી. ગામના **સરપંચશ્રી જ્યંતિભાઈ બારોટે** શાલ ઓઢાડીને પ્રમુખશ્રીનું બહુમાન કર્યું હતું. અંતે સૌ યાત્રિકોનું સંઘપૂજન કંથરાવી મહાજન તરફથી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજો મુકામ હતો સંડેર ગામે. અહીં પણ આદેશ્વર દાદાના દર્શન તથા પ્રાચીન મંદિરની મુલાકાત લઈને યાત્રિકોએ પ્રાચીન વારસાની અનુભૂતિ કરી. ઢોલ–નગારા થી સ્વાગત નાળિયેર પાણીની ભક્તિ અને સંઘપૂજન કરવામાં સૌ સંડેરવાસીઓનો ઉત્સાહ છલકાઈ આવતો હતો. **મહેન્દ્રભાઈ, વિનોદભાઈ, કીરિટભાઈ**, અને અન્ય સૌ સભ્યોએ ખરા ઉમળકાથી સૌનું સ્વાગત કર્યું અને એટલા જ સ્નેહથી સંઘને વિદાય આપી.

યાત્રાનો ત્રીજો મુકામ રણુંજ ગામે હતો. મંડળના સભ્ય અને સખાવતી એવા **શ્રી લાલચંદભાઈ જેસિંગલાલ શાહ** તેમના ધર્મપત્ની **ઈન્દિરાબેન** તથા તેમના પરિવારના **શ્રી પ્રવિણભાઈ, શ્રી જયંતિભાઈ, શ્રી મહેન્દ્રભાઈ, ડૉ. વિનુભાઈ** તથા **ડૉ. ધિરૂભાઈ**એ આ ગામમાં પ્રવેશથી લઈને ૪.૦૦ વાગે વિદાય થયા ત્યાં સુધી ગામડાની સંસ્કૃતિને છાજે તેવી યાદગાર પરોણાગત કરી. સેવા–પૂજા, બપોરનું જમણ, સંઘપૂજન, પ્રમુખ અને મંત્રી તથા અન્ય હોદ્દેદારો તથા દાતાઓનું બહુમાન અને અંતે વિદાય વેળાએ બપોરની ચ્હા, એટલે રણુંજ ગામની કાયમી યાદ. છેલ્લે છેલ્લે માહોલ એવો ઉભો થયો હતો જાણે કોઈ પરિવારના લગ્નનો પ્રસંગ હોય અને સૌ યાત્રિકો જાનૈયા હોય તેવી કાળજી લેવાઈ હતી. મંડળ તરફથી બપોરના ભોજનના લાભાર્થી શ્રી લાલચંદભાઈ તથા તેમના સૌ સત્કાર્યોમાં પ્રેરણામૂર્તિ એવા શ્રીમતી ઈન્દીરાબેનનું બહુમાન કરવામાં આવ્યું હતું.

પ્રવાસનો છેલ્લો મુકામ પાટણ ગામે હતો. રણુંજ સંઘના પ્રેમાગ્રહે પાટણ પહોંચતા થોડોક વિલંબ થયો હતો છતા રાણકી વાવની મુલાકાત અને પંચાસર દહેરાસરજીના દર્શન થયા. ચૌવિહારનો સમય થયો હોવાથી ભોજન પતાવી સૌ યાત્રિકો પાટણ દર્શને નીકળી પડ્યા હતા. અહીં સંઘપૂજન યાત્રિકો તરફથી કરવામાં આવ્યું હતું અને કારોબારી સમિતિ તરફથી સભ્ય દીઠ પાટણની મિઠાશના પ્રતીકરૂપ મિઠાઈ બોક્સ આપવામાં આવ્યું હતું.

વિદાય સમયે એક વિશાળ પરિવાર યાત્રાએ નીકળ્યો હોય તેવી લાગણી સૌનાહૈયામાં ઉછળતી હતી. અમદાવાદ સમયસર પહોંચવાની ગણત્રીએ બરાબર ૮–૩૦ કલાકે વિદાય લીધી ત્યારે આખા દિવસના થાક અને દોડધામ છતાં વતનની યાદોને તાજી કર્યાની અનુભૂતિએ સૌ યાત્રિકોએ ગીત–સંગીતની મજા માણતા માણતા આજના પ્રવાસને સદાને માટે યાદમાં કેદ કરી લીધો હતો.

આ આયોજનને સફળ બનાવવા **સભ્યશ્રી અતુલભાઈ મણિલાલ શાહ** (કૈયલ) (અન્નપૂર્ણા હિંગ) તથા **શ્રી ગાંડાલાલ ડાહ્યાલાલ શાહ**(સાલડી) પરિવારે સાંજના ભોજનનાં લાભાર્થી સ્વરૂપે સુંદર યોગદાન આપ્યું હતું. કારોબારી સભ્યો **વિરલ લાલભાઈ, ઉદય ઈન્દ્રવદનભાઈ, અશોક ભોગીલાલ** તથા પૂર્વ તૈયારીમાં **સૌરભ જીતેન્દ્રકુમારે** ખૂબ જહેમત ઉઠાવી હતી. હૃદયપૂર્વકના આભાર સાથે ખાસ નોંધ તરીકે પાટણમાં **શ્રી મુકેશભાઈ શાહે** બધીજ વ્યવસ્થા કરવામાં ખુબ મદદ કરી હતી. આ આયોજનનું નોંધપાત્ર પાસુ હતુ. **વિરલ લાલભાઈ શાહ (ધીણોજ)** ધ્વારા ટેકનોલોજીનો ઉપયોગ. છેક છેલ્લી ઘડી સુધી એસ.એમ.એસ. ધ્વારા માહિતી આપતા રહીને મોબાઈલ ટેકનોલોજીનાં સુંદર ઉપયોગનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# છ'રી પાલિત સંઘનો અનુમોદન પત્ર (અહેવાલ)

દર વર્ષે શ્રાવણ -ભાદરવા માસમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આવે છે. આ આઠ મહામંગલકારી દિવસમાં શ્રાવક માટે પાંચ કર્તવ્યો ફરમાવ્યા છે. (૧) અમારિ પ્રવર્તન (૨) સાધર્મિક વાત્સલ્ય (૩) પરસ્પર ક્ષમાપના (૪) અઠ્ઠમ તપ (૫) ચૈત્ય પરિપાટી. આ કર્તવ્યો સંચિત કર્મસમૂહનો નાશ કરવાનો સુંદર ઉપાય છે. પર્વ માત્રની આરાધના માટે જેમ આરંભ સમારંભનો પરિત્યાગ વિ. સામાન્ય કર્તવ્યોની અને પર્વાધિરાજની આરાધના માટે અમારિ પ્રવર્તન આદિ પાંચ કર્તવ્યોની આરાધના આવશ્યક છે. તેમ વિવેકી શ્રાવકોએ વર્ષભરમાં ૧૧ કર્તવ્યો વારંવાર બજાવવાનું આપણા આગમ શાસ્ત્રો ફરમાવે છે. આ વાર્ષિક કર્તવ્યો ઓછામાં ઓછા વર્ષમાં એકવાર બજાવવાં જોઈએ. આ કર્તવ્યો છે (૧) શ્રી સંઘપૂજા (૨) યાત્રાત્રિક (૩) સ્નાત્ર મહોત્સવ (૪) દેવદ્રવ્યની વૃધ્ધિ (૫) મહાપૂજા (૬) રાત્રિ જાગરણ (૭) શ્રુતજ્ઞાનની ભક્તિ (૮) ઉદ્યાપન (૯) તીર્થ પ્રભાવના (૧૦) શુદ્ધિ. આ પૈકી આપણે ત્રીજા વાર્ષિક કર્તવ્ય યાત્રાત્રિક વિષે જોઈશું યાત્રાત્રિક (૧) જિનમંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ આદિ મહોત્સવો યોજવા (૨) પ્રભુજીને રથમાં બિરાજમાન કરી શહેર/ ગામ/નગરમાં શોભાયાત્રા રૂપે રથયાત્રા (૩) સંસાર સાગરથી તારનાર તીર્થોની યાત્રાએ તીર્થયાત્રા

તીર્થયાત્રા હાલ બે રીતે યોજાતી જોવાય છે. (૧) બસ- ટ્રેન દ્વારા (૨) છ'રી પાલિત - (પગપાળા) સંઘ - અગાઉ વ્યક્તિ પોતાના સમગ્ર કુટુંબ સાથે તીર્થયાત્રાએ જતા અને યાત્રા સ્થળે અનિશ્ચિત સમયે રોકાતા, ધર્મશાળામાં રસોઈ બનાવતા, સાધુ સાધ્વી ભગવંતોને નિર્દોષ આહાર પાણીનો લાભ લેતા અને પ્રભુભક્તિમાં લીન બનતા. આજની પરિસ્થિતિ સાવ બદલાઈ છે. બસ કે ટ્રેઈન કે પોતાના વાહન ધ્વારા યાત્રા - નિશ્ચિત સમયે પાછા આવવાની તૈયારી સાથેની યાત્રા - યાત્રા પ્રવાસબની ગયો છે. પ્રભુની આજ્ઞાનું પાલન થતું નથી. આવા યાત્રા પ્રવાસો સામુહિક રીતે મંડળો દ્વારા કે ચોક્કસ ગ્રુપ દ્વારા યોજાતા હોય છે, બીજા પ્રકારનો છ'રી પાલિત સંઘ જ સાચો ગણી શકાય કે જેમાં પ્રભુની આજ્ઞાનું સંપૂર્ણ પાલન થાય છે અને ચતુર્વિધ સંઘ સાથેની યાત્રા છે.

આ સંઘમાં છ'રી આ પ્રમાણે છે (૧) ઊભય ટંક (દેવસિય રાઈસ) પ્રતિક્રમણ (૨) સચિત્ત વસ્તુનો ત્યાગ (સચિત પરિહારી) (૩) ભૂમિ ઉપર સંથારા શયન (ભૂમિ સંથારો) (૪) પગપાળા ચાલવું (પાદચારી) (૫) એક જ સમય ભોજન (એકાસણું) (૬) બ્રહ્મચર્યનું પાલન.

આવા સંઘમાં જોડાવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. થોડાક જ દિવસ (૬ દિવસના) સંઘમાં (વલ્લભીપુર થી પાલિતાણા) યોગ થયેલો. પરંતુ આ તો લાંબો ૨૧ દિવસનો જૂનાગઢ થી પાલીતાણાનો મહાસંઘ. છેલ્લા કેટલાય વર્ષોમાં આ સંઘ બેનમૂન હતો. વર્ષો પૂર્વે અમદાવાદથી પાલીતાણા માકુભાઈ શેઠનો છ'રી પાળતો સંઘ નીકળેલો તેની કંઈક ઝાંખી આપણને આ સંઘમાં થઈ.

આ સંઘ એક જ કુટુંબ તરફથી નીકળ્યો. લાભ લેનાર ભાગ્યશાળી હતા. મૂળ રાજસ્થાનના હાલ પૂના નિવાસી ધર્મીબેન વીરચંદજી હુકમાજી પરિવાર. તેઓના સુપુત્રો રામલાલજી અને છગનલાલજી, બંને ભાઈઓ તથા તેઓનું સમગ્ર કુટુંબ ખૂબ સંપીને રહે છે અને બંને ભાઈઓની જોડી રામ-લક્ષ્મણની જોડી હોય તેવું લાગ્યા વગર રહે નહીં. થોડા વર્ષો અગાઉ પાલીતાણા ખાતે ચૌદ આચાર્ય ભગવંતોની નિશ્રામાં ચાતુર્માસનો લાભ પણ આ પરિવારે લીધેલ. ત્યારથી તેઓનો આ મહાસંઘનો સંકલ્પ કરેલો. ત્યારથી આ સંઘ માટેની તેઓએ તૈયારીઓ શરૂ કરી હશે.

૪૫૦૦થી અધિક જેમાં ૧૫ આચાર્ય ભગવંતો યાત્રિકોના રોકાણ માટે તેઓને સાત નગરીમાં વહેંચવામાં આવેલી. પહેલી બીજી પુરુષો માટે અને બાકીની પાંચ નગરીઓ બહેનો માટે દરેક નગરીને અયોધ્યા, રાજગ્રહી એવા નામ સાથે નંબર આપેલા. દરેક નગરીના આરાધકોની તકલીફ માટે નગરીના નાકે એક ઓફીસ (મુખ્ય ઓફીસ ઉપરાંત) હતી જે તેઓની તકલીફોનું તુરત જ નીવારણ કરતી.

દરેક નગરીના પ્રવેશદ્વારે સ્વદ્રવ્યથી ભરાવેલ ૨૧" ના પ્રતીમાજી. પાશ્વનાથ પ્રભુ, શાંતિનાથ પ્રભુ, આદિનાથ પ્રભુ, નેમિનાથ પ્રભુ, મુનિસુવ્રતવામી મહાવીર સ્વામી, શંખેશ્વર પાર્શ્વનાથ આમ સાત જિનમંદિરમાં સાત પ્રભુ. મુખ્ય આદિશ્વર દાદા. મુખ્યરથ બીજા રથ કરતાં મોટો. આ રથ મોટો હોઈ ટ્રેક્ટર દ્વારા ખેંચીને એક મુકામથી બીજે મુકામ લઈ જવાતો. રસ્તાઓનું ઠેર ઠેર રીપેરીંગ ચાલતું હોઈ અને ડાયવર્ઝન ઘણા હોઈ બળદ- રથ ને ભાવિક ભક્તો દ્વારા જરૂર પડે ત્યાં ધક્કો લગાવી ચડાવતા. રોજ જિન પ્રતિમાઓને સુંદર વિશિષ્ટ દ્રવ્યો અને સોના-રૂપાના વરખ દ્વારા અંગ રચના થતી. તે માટે મુંબઈ તથા બીજા સ્થળેથી ભાઈ બહેનો તેમની વિશિષ્ટ કલા દ્વારા પ્રભુજીને અંગ રચના કરતાં. નગરીના દરેક પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજાની બોલી બોલાતી અને ભાવિકો સુંદર બોલી દ્વારા લાભ લેતા. મુખ્ય મંડપના આદિશ્વર દાદા સન્મુખ રોજ સંગીતકાર સાથે સ્નાત્ર મહોત્સવ થતો. સાંજના ૪-૫ વાગ્યાની આસપાસ બધા જ નગરીના રથો મુખ્ય આદીશ્વર દાદાના રથની ડાબી બાજુ ત્રણ અને જમણી બાજુ ત્રણ રથો ગોઠવાતા. રથોને સુંદર ફૂલોથી સજાવાતા અને દરેક પ્રતિમાજીને નયનરમ્ય અંગ રચના સાથે દીપક રોશની હારમાળા વચ્ચે ઇંદ્રપુરીનું જાણે દશ્ય ખડું થતું સાંજે સંધ્યા ભક્તિ અને રાત્રે ભાવના આ મુખ્ય મંડપમાં જ થતી. દરેક બે-ત્રણ દિવસે જુદાજુદા સંગીતકાર ભાવનામાં રમઝટ

જમાવતા અને ભક્તો જિન ભક્તિમાં તરબોળ બની જતા. દરેક નગરીના દ્રવ્ય ભંડારો જે એક સરખા સ્વદ્રવ્યથી બનાવેલા તે ભંડારો રાત્રે ઓફીસમાં લવાતા અને દેવદ્રવ્યની સારી ઉપજની નોંધ થતી.

દૈનિક નિત્યક્રમ ઉપર નજર નાખીએ તો પ્રાત: કાળ ૪ વાગે શરણાઈના સૂર વચ્ચે શયનત્યાગ, રાઈ પ્રતિક્રમણ સૌ સૌ ના ટેન્ટમાં સામાન પેક કરી ટેન્ટ આગળ મૂકવાનો. દરેક બે ટેન્ટ દીઠ એક ઊંટલારી – ઊંટલારી દ્વારા સામાન એક મુકામથી બીજે મુકામ પહોચાડાતો ૧૫૦ જેટલી ઊંટલારીઓ હશે. પછી મુખ્ય મંડપમાં આચાર્ય ભગવંતો સાધુ સાધ્વીજી ભગવંતો સાથે દર્શન, સામૂહિક ચૈત્ય વંદન ત્યારબાદ સંઘપતિને તિલક, હાર, શ્રીફળ અર્પણ અને સાફા અર્પણ જે તે બોલી બોલનાર ભાગ્યશાળી દ્વારા થયાં. સંઘ પ્રયાણ – આગળ હાથી, હાથીના હોદા પર સંઘવી પરિવારના સભ્યો, ઊંટો પર નિશાન ડંકા તે પછી શત્રુંજય રચનાની ટ્રક, અષ્ટ મંગલની રચનાની ટ્રક, પૂ. ઉપકારી ગુરુદેવોના ફોટાના ફ્લોટ વિ. વિવિધ બેન્ડોની સુરાવલી સાથે– ગુરુ ભગવંતો સંઘવી પરિવારના સભ્યો ભગવાનના રથો, સાધ્વીજી ભગવંતો અને બેનોનો વિશાળ સમુદાય. ક્રમસર શોભા યાત્રા – વચ્ચે વિવિધ નૃત્યકાર, વેશભૂષાવાળા તો હોય જ બે મુકામ વચ્ચે ગામમાં જિનમંદિર જૂહારવાનું ત્યાંનો સંઘ સંઘપૂજન કરતા. અને સંઘવી તરફથી સાધારણ કે જીર્ણોધ્ધાર માટે મોટી રકમ અર્પણ થતી. ગિરનારજીથી શરૂ થઈ પાલીતાણા સુધીના માર્ગમાં આવતા દરેક જિનમંદિરે મૂળનાયકજીને સંઘવી તરફથી બહુમૂલ્ય આંગી અર્પણ થતી. ચાલુ પડાવની આગલી રાત્રે બીજા પડાવ સ્થળે લોક ડાયરાનું–લોક મનોરંજનનું આયોજન થતું. આજુબાજુના ગામોને આમંત્રિત કરાતાં અને ગઢવી દ્વારા લોકગીતો–મનોરંજન થતું, સાથે સાથે ગ્રામ્યજનોને બીજા દિવસે જમવાનું આમંત્રણ અપાતું. આ રીતે શાસન પ્રભાવના ખૂબ થતી. સંઘના પડાવ માટે જમીન અને પાણી પુરું પાડનાર જે તે ખેડૂતનું સભામાં જાહેર સન્માન થતું. યાત્રિકો માટે, બેંક, ઓફીસ, દવાખાનાની સેવા અપાતી. વિશેષ વાત એ હતી કે મેડીકલ સ્ટાફ આરાધકો ઉપરાંત ગ્રામ્ય પ્રજાને સારવાર આપતો અને રોજ વપરાતી બામ, વિક્સ જેવી વસ્તુઓનું વિતરણ સંઘવી તરફથી વિના મૂલ્યે થતું. ઈમરજન્સી સેવા માટે એમ્બ્યુલન્સની સગવડ હતી. બપોરે ૧૧–૩૦ થી આયંબીલ, એકાસણા અને સાધર્મિક ભક્તિ શરૂ થતી. દરેક માટે ભોજન મંડપ અલગ હતા. છૂટા તથા મહેમાનો માટે ટેબલ ખુરશી પર વ્યવસ્થા હતી. ૩ વાગે ગુરુ ભગવંતોનું સામૈયું થતું અને પ્રવચન મંડપમાં બહુમાનપૂર્વક લવાતા. પ્રવચન મંડળ– મુખ્ય મંડપ વિશાળ કલાત્મક ગેટથી શોભતો. મુખ્ય પ્રવેશ દ્વારે, પ્રવચન મંડપે, સાધુ ભગવંતોના મુકામ આગળ અને સંઘવી પરિવાર – મહેમાનના મુકામ એમ ચાર ચાર સુંદર ગેટથી પડાવની શોભા દીપી ઊઠતી. પ્રવચન મંડપમાં પ્રવચન માટેની વિશાળ વ્યાસપીઠ બનાવાતી. કલાત્મક સુશોભન થતું. અલગ અલગ લખાણોનાં બેનરો, પૂ. ઉપકારી ગુરુ ભગવંતોની ગુરુ વિશેષ લખાણ સાથેની છબીઓ, પૂ. આચાર્ય રામચંદ્ર સુરિશ્વર મા.ના ઉપદેશક લખાણોથી તો મંડપની શોભા ઓર ખીલી ઉઠતી. રોજ જુદા જુદા ગુરુ ભગવંતોના જૂદા જુદા વિષયો ઉપર પ્રવચનો થતાં. શ્રોતાઓ ૩ થી ૪–૩૦ સુધી જિનશ્રવણ કરતાં. બાદ વિશિષ્ટ મહેમાનોનું બહુમાન, સંઘવી પરિવારની તિલક વિ.ની બીજા દિવસની બોલીઓ, સાધારણ જીવદયા કે અન્ય સંઘો તરફથી આવેલી વિનંતીઓ ધ્યાનમાં લેવાતી. અને બીજા ગુરુ ભગવંતો આચાર્યોનાં સૌ ભાવિકોને દર્શન વંદનનો લાભ મળતો. સાંજે ૫ વાગ્યા પછી પ્રવચન મંડપના વિશાળ ગેટના મેદાનમાં રંગબેરંગી રંગોળીઓ, સુશોભનો, દીવા ની રોશનીઓ અને ફુવારાઓથી વાતાવરણ અલગ જ શોભા ધારણ કરતું. અલગ અલગ રાજ્યોમાંથી આવેલી નૃત્ય મંડળીઓ, વિવિધ બેન્ડો, વિદૂષક, બેડાવાળા નૃત્યકાર, રાસવાળા વિગેરે પોતાની કલા પ્રદર્શન કરવા મેદાનમાં આવી જતા.

નજીકના ગામોના, શહેરના પ્રજાજનો ત્યારે સંઘની નગરીનાં કલા પ્રદર્શન નિહાળવા ઉમટી પડતાં અને જાણે લોકમેળાનું દૃશ્ય ખડું થતું. દરેક મંડળીઓ નૃત્યકારો વિ. તેઓની શ્રેષ્ઠ કલાનું ત્યારે પ્રદર્શન કરતા અને ગ્રામ્ય પ્રજા આ જોઈને આફરીન થઈ જતી. જૈન શાસનની પ્રભાવના થતી. સાંજે પૂજ્યશ્રીઓની નિશ્રામાં પ્રતિક્રમણ રાત્રે ૮–૩૦ વાગે ભાવના આરતી મંગળદીવો અને ૧૦ વાગે શયન.

દૈનિક કાર્યક્રમો ઉપરાંત વિશિષ્ટ કાર્યક્રમો થતાં. બહેનો જુદા જુદા દિવસે પોતાની નગરી સુશોભિત કરતા અને ગુરુ ભગવંતોને પોતાના આંગણે પધારવા વિનંતી કરતાં. પૂ. ગુરુ ભગવંતો, સંઘવી પરિવાર ચતુર્વિધ સંઘ સાથે શોભાયાત્રા સાથે સાયંકાળે નગરમાં પધારતા અને માંગલિક સંભળાવતા. સંધ્યા ભક્તિ અને ગુરુ વંદનાના કાર્યક્રમ થતા. કદંબગિરિ તીર્થે સિધ્ધાચલજીની ભાવ યાત્રા થઈ.

પાલીતાણાનગર પ્રવેશ ખૂબ જ ભવ્ય હતો. શોભાયાત્રામાં પાંચ ગજરાજો, પ્રખ્યાત બેન્ડો, પાઘડીથી સજ્જ યાત્રિકો, મંડળીઓ, નૃત્યકારો, વિશિષ્ટ રચનાઓ, પ્રભુજીના રથો, ચતુર્વિધ સંઘ – આવી લાંબી વિશાળ શોભાયાત્રા ગામના આદીશ્વર દાદાને ભેટી, જાજમ ઉપર બિરાજી, તળેટી જૂહારી સંઘ મુકામે પહોચ્યોં. રાત્રે વિશિષ્ટ બહુમાનનો કાર્યક્રમ યોજાયો, સંઘવી પરિવાર, કાર્યકરો અન્ય દાનવીરનું બહુમાન થયું. કાર્યક્રમનું સફળ સંચાલન સંગીત સાથે ધેમાવત અને નરેશભાઈ નવનીતભાઈએ કર્યું. બીજા દિવસે સવારે દાદાના દરબારમાં ગુરૂનિશ્રાએ માળારોપણનો કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો. શિખર ઉપર ધજા ચડાવી અને બહુમૂલ્ય અલંકારો પ્રભુજીને અર્પણ થયા. સંઘવી પરિવારની ઉદારતા, નમ્રતા અને શાસન સમર્પણની વિશિષ્ટ નોંધ લઈ વિરમું છું.

વાસ્તવિકતા કે જિનાજ્ઞા વિરૂધ્ધ લખાણ માટે ક્ષમાપના ચાહું છું.

**ડૉ. વિનોદચંદ્ર કેશવલાલ શાહ – અમદાવાદ**

## શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું યુવક મંડળ –અમદાવાદ
## વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

સુજ્ઞ સભ્યો,

મંડળની આગામી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૧ ઓગષ્ટ ૨૦૧૧ના રોજ બપોરે ૨–૩૦ કલાકે નીચેના સ્થળે રાખવામાં આવી છે.

સ્થળ : એ.જી. હાઈસ્કૂલ કેમ્પસ,
કે.એચ. મોદી સ્કૂલ, પટાંગણ,
દાદા સાહેબના પગલા નજીક,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯.

**સભાની કાર્યસૂચિ નીચે પ્રમાણે રહેશે.**

૧. વર્ષ ૨૦૦૯–૧૦ની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવી.
૨. વર્ષ ૨૦૧૦–૧૧ના ઓડીટ થયેલ હિસાબો મંજૂર રાખવા.
૩. વર્ષ ૨૦૧૧–૧૨ના હિસાબો ઓડીટ કરાવવા માટે ઓડીટરની નિમણુંક કરવી
૪. વર્ષ ૨૦૧૧–૧૨ના ખર્ચ અંગે મંજૂરી આપવી.
૫. પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ કરેલ બાબતો અંગે ચર્ચા કરી યોગ્ય નિર્ણય લેવા.

**ખાસ નોંધ**

નોન કોરમ સભા જે તે દિવસે અને જેતે સ્થળે ૩૦ મિનિટ પછી મળશે. તે સભામાં હાજર રહેલ સંખ્યાને પુરતુ કોરમ ગણી સભાની કાર્યવાહી કરવામાં આવશે.

ચાલુ વર્ષે આ જોગવાઈ અનુસાર સભ્યો નિવૃત્ત થતા ન હોઈ વર્તમાન કારોબારી સમિતિ વર્ષ ૨૦૧૦–૧૧ મુજબ વર્ષ ૨૦૧૧–૧૨ માટે ચાલુ રહેશે.

**શ્રી ચંદ્રકાંત તારાચંદ શાહ–મંત્રી**
એ–૧૮, શિલ્પાલય એપાર્ટમેન્ટ, અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ–૩૮૦૦૦૭

## તેજસ્વી વિદ્યાર્થી બહુમાન સમારંભ

સુજ્ઞ સભ્યશ્રી,

પ્રતિ વર્ષે આપણા મંડળ તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓને તેમણે મેળવેલ સિધ્ધિને બિરદાવતા બહુમાન કરવામાં આવે છે. આ વર્ષે પણ આ બહુમાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે આ સમારંભ વાર્ષિક સામાન્ય સભાની પૂર્ણાહૂતિ બાદ રાખવામાં આવ્યો છે.

**તારીખ :** **રવિવાર, તારીખ : ૨૧-૦૮-૨૦૧૧**

**સમય :** **બપોરે ૪-૩૦ કલાકે**

**સ્થળ :** **એ.જી. હાઈ સ્કૂલ કેમ્પસ, કે.એચ. મોદી સ્કૂલ, પટાંગણ દાદા સાહેબના પગલાની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.**

આપ સૌ જાણો છો તેમ **શ્રી કાંતિલાલ જેસંગલાલ મહેતા(બોરિયાવી)** પરિવારે સ્વ. તારાબેન કાંતિલાલ મહેતાની સ્મૃતિમાં વિદ્યાર્થી બહુમાન અને ઈનામ વિતરણની યોજનામાં વિશેષ સહયોગ આપ્યો છે. જે અનુસાર આ બહુમાનનો લાભ તેમના પરિવારને આપવામાં આવે છે.

તો મંડળના સૌ સભ્યો તથા સૌ વિદ્યાર્થીઓને આ પ્રસંગે હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

- દરેક ધોરણમાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે.

**બી.એમ. શાહ** **(પ્રમુખ)**
**પ્રવિણ કે. મહેતા** **(ઉપપ્રમુખ)**
**ચંદ્રકાંત ટી. શાહ** **(મંત્રી)**

**વિદ્યાર્થીઓ તેમના પરિણામની માહિતી તા. ૧૯–૦૮–૨૦૧૧ સુધી ઉદયભાઈ શાહને (ધોળાસણ) પહોંચાડી શકશે. એ–૪૦૩, આશિર્વાદ રેસીડેન્સી, ૭૦, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, જલારામ મંદિર સામે, પાલડી, અમદાવાદ–૭.**

**પર્યુષણપર્વ પૂર્વે સૌ સભ્યોને તપધર્મની આરાધના સુખરૂપ થાય તેવી શુભેચ્છા સાથે**

## મિચ્છામિ દુક્કડમ્

| | | |
|---|---|---|
| ભૂપેન્દ્ર શાહ | પ્રવિણ મહેતા | ચંદ્રકાંત શાહ |
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |

# ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ (અરવિંદ મીલ-સાંતેજ પ્લાન્ટ)

વિશ્વની ત્રીજી મોટી ડેનિમ કંપની તરીકે, પ્રખ્યાત અરવિંદ મિલની મુલાકાતનો લ્હાવો મળ્યો એ ૧૦૮ના ભાઈ-બહેનો માટે મોટામાં મોટો લાભ છે, પરંતુ એનો શ્રેય તો પ્રથમ આપણા પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ શાહને જ જાય છે.

વિશાળ વિસ્તારમાં પથરાયેલી મશીનોથી સજ્જ આ મીલને જોતાં ખૂબજ આશ્ચર્ય થયું. અત્યંત આધુનિક મશીનરી જેમ કે એમાં સ્પિનિંગમિલ, સ્પિનિંગ જેની, ફ્લાઈંગ શટલ, વોટર ફ્રેમ, યાંત્રિક શાળ (પાવરલૂમ), બ્લોક પ્રિન્ટીંગ, અલગથી પ્રિન્ટીંગ મશીનો જેમાં કલરોથી બનતા પડદા, બેડશીટ વગેરે જોવાં મળ્યાં.

દાખલ થતાં જ રૂના ઢગલાઓ જેમાંથી રૂના ઝીણા તાર એટલે દોરાના રૂપમાં બનતાં ટેલરો, અલગ ટેલર્સમાં અલગ અલગ કલર્સ, દોરા એકઠા થતાં બનતું કાપડ જોવા મળ્યું. કાપડમાંથી પેન્ટ પીસ, શર્ટ પીસ વગેરે તૈયાર થતાં દેખાયા. કાપડનાં પેકિંગ નાં મોટા ટીન, કારીગરો ખૂબજ ધગશથી અને ઝીણવટભર્યું, ચોક્કસતાથી કામ કરતાં હતાં. છેલ્લે તૈયાર થતુંકાપડ ચેકિંગ કરતાં બતાવાયું એટલે કે ફીનીશીંગ મશીન પર ચઢાયેલું પછીથી તાકાના રૂપમાં બહાર જતું દેખાયું.

ખાસતો નાનાં-નાનાં ભૂલકાઓ કારીગરોને કામ કરતાં જોતાં ઘણા જ સવાલો પોતાની મમ્મીઓને કરતાં હતાં. જેમ કે મમ્મી આ બધા બિચારાને મશીનનાં આટલા બધા તાપમાનમાં ગરમી નહીં લાગતી હોય ? એમને કલર્સની વાસ નહી આવતી હોય, જો તો મમ્મી ! ગરમીને કારણે આ પૂરો એરિયા કેટલો બધો ગરમ થઈ ગયો છે. ચાલતા હોઈએ તો પગમાં દાઝી જવાય એવું લાગે છે, મમ્મી મશીનોનાં અવાજ અને ઘોંઘાટ પણ ખૂબ જ છે. આ ભાઈઓ કેવી રીતે કામ કરતાં હશે ?

ઉપરની બાબતોનો જવાબ દરેક મમ્મી પ્પાએ પોતપોતાની રીતે જવાબ આપતા જણાવ્યુ કે તેઓ પોતાના બાળકોને પૈસાની કિંમત શું છે? એની સરસ શીખ આપતાં હતાં. ઈન્ડસ્ટ્રી જોયા પછી બધાએ સાથે સરસ મજાનું લંચ લીધું. જમવાનું પણ ખૂબજ પ્રેમથી બનાવાયું હોય તેમ લાગ્યું, સાથે બાળકોનું વ્હાલું કોલ્ડ્રીંગ્સ પણ પીરસાયું, લંચ લેતા પણ ભાઈ-બહેનોનાં મ્હોં પર એક અનેરો આનંદ છવાયેલો હતો. ગુલાબ-જાંબુ પણ મીઠાસમાં વધારો કરતાં હતાં. લંચ પછી દરેકને શોપીંગ કરવાની ખૂબજ મઝા આવી. "પરિવારરૂપી પંખીઓનો માળો કંઈક નવું મેળવવા એકઠો થયો અને સમય થતાં છૂટો પડી ગયો"

૧૦૮ સમાજના ભાઈ બહેનોને આવી ૧૦૮ અજાયબીઓ માણવા મળે એવી હું મહેચ્છા રાખું છું.

**-સાધના કે. શાહ (લીંચ)**

## મંડળના સભ્યોના પ્રતિભાવ માટે અપીલ

# લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય સંમેલન

તારીખ ૦૪-૦૧-૧૯૯૮ ના રોજ અમદાવાદ મંડળ તરફથી પરિચય સંમેલનનું સર્વપ્રથમ આયોજન કરવામાં આવેલ અને તેને અસાધારણ સફળતા મળી હતી.

ત્યારબાદ બીજા ત્રણ સંમેલનનું સમયાંતરે આયોજન કરવામાં આવેલ જેમાં સભ્યોનો પ્રતિભાવ દરેક વર્ષે ઘટતો ગયો અને ૨૦૦૫ના વર્ષમાં તો અપુરતા પ્રતિસાદને કારણે કાર્યક્રમ રદ કરવો પડ્યો હતો.

છેલ્લા કેટલાય સમયથી ઘણા બધા સભ્યોની વિનંતી અને સૂચન મળતા રહે છે કે આ કાર્યક્રમ ફરી શરૂ કરવો જોઈએ. કારોબારી સમિતિ ચોક્કસ માને છે કે જો સૌ સભ્યોનો સહકાર મળે અને યુવક-યુવતીઓ નોંધપાત્ર સંખ્યામાં જોડાય તો આવા કાર્યક્રમ ખરેખર ઉપયોગી નીવડે છે.

મંડળના યુવાન સભ્યોએ આ પડકાર ઝીલીને આ કાર્યક્રમને સજીવન કરવાનો નિર્ધાર કરેલ છે. જરૂર છે ફક્ત સભ્યોએ ઉત્સાહ અને વિશ્વાસથી જોડાવાની કાર્યક્રમના આગોતરા આયોજન માટે મંડળના સૌ સભ્યોને અમે પરિચય સંમેલનમાં ભાગ લેવા ઉત્સુક હોવ તો આ સાથેનું ફોર્મ ભરીને મોડામાં મોડું તપસ્વી પારણાના પ્રસંગ સુધીમાં મંત્રીશ્રીને મોકલી આપવા વિનંતી.

**ખાસ નોંધ :-**

અમારા નવા આયોજનમાં અમે પરિચય સંમેલનનું ફોર્મેટમાં પરિવર્તન કરવાનું નક્કી કરેલ છે. અગાઉ સ્ટેજ પરથી સ્વયં પરિચય અન્ય પ્રશ્નોના જવાબ આપવામાં યુવક-યુવતીઓને થોડોક સંકોચ થતો હતો અને એ કારણસર ઘણીવાર સાચી પ્રતિભા બહાર આવતી ન હતી. કેટલાયે લગ્નોત્સુક યુવાનો અને યુવતીઓ આજ કારણસર ભાગ પણ લેતા ન હતા.

સ્ટેજને બદલે જે વૈકલ્પિક વ્યવસ્થા વિચારણા હેઠળ છે તેની સંપૂર્ણ માહિતી સભ્યોના પ્રતિભાવ પછી જ પ્રકાશિત કરીશું.

અંતે સૌ સભ્યોને નોંધ લેવા વિનંતી કે આ કાર્યક્રમ પુરતા રજીસ્ટ્રેશન થશે તો જ કરવામાં આવશે સૌ સભ્યોને સહકાર આપવા વિનંતી.

# • ઓડીટર્સ રીપોર્ટ •
## તારીખ ૩૧મી માર્ચ સને ૨૦૧૧ના રોજ પુરા થતા વર્ષના હિસાબો

**ટ્રસ્ટનું નામ : શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ**

**રજીસ્ટર નંબર : એ-૧૬૯૭-અમદાવાદ**

અમોએ શ્રી વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદના તારીખ ૩૧મી માર્ચ સને ૨૦૧૦ના રોજ પુરા થતા વર્ષના હિસાબો તપાસ્યા છે અને અમો રીપોર્ટ કરીએ છીએ કે :

૧) ટ્રસ્ટ એક્ટના કાયદા અને કાનુન મુજબ હિસાબો નિયમિત રીતે રાખવામાં આવ્યા છે.

૨) ટ્રસ્ટની આવક તથા ખર્ચ ચોપડામાં યોગ્ય અને રીતે બતાવવામાં આવ્યા છે. ટ્રસ્ટના ઉપજ-ખર્ચના હિસાબમાં દર્શાવેલ આવકો તથા ખર્ચાઓ રોકડ પધ્ધતિ અનુસાર ચોપડે નોંધવામાં આવ્યા છે. રોકાણો તથા ફીક્સ્ડ એસેટસ સરવૈયામાં પડતર કિંમતે દર્શાવવામાં આવી છે. આ રીપોર્ટમાં દર્શાવેલ વિગતને આધિન તાઃ ૩૧-૩-૨૦૧૧ના રોજનું સરવૈયું તેમજ તે દિવસે પુરા થયેલ વર્ષનો ઉપજ-ખર્ચનો હિસાબ અનુક્રમે ટ્રસ્ટની નાણાંકીય પરિસ્થિતિનો તેમજ ઉપજ-ખર્ચનો સાચો અહેવાલ રજુ કરે છે.

૩) ઓડીટ કર્યાની તારીખે ટ્રસ્ટીઓ પાસેની સિલક તથા વાઉચરો ચોપડા પ્રમાણે બરાબર માલુમ પડ્યા છે.

૪) અમોને જોઈતા ચોપડાઓ, દસ્તાવેજો, હિસાબો વાઉચરો તથા દફતરો અમારી સમક્ષ રજુ કરવામાં આવ્યા છે.

૫) ટ્રસ્ટની જંગમ મિલ્કતની ટ્રસ્ટીઓની સહીવાળી પ્રમાણિત યાદી રજુ કરવામાં આવી છે.

૬) ટ્રસ્ટના મંત્રીશ્રી ચંદ્રકાંત ટી. શાહે હાજર રહી અમોને જોઈતી સઘળી માહિતી તથા ખુલાસાઓ સંતોષકારક રીતે આપ્યા છે.

૭) ટ્રસ્ટની મિલ્કત તથા ફંડનો ઉપયોગ ટ્રસ્ટના ઉદેશ તથા હેતુ સિવાય બીજા કોઈપણ ઉદેશ કે હેતુ માટે કરવામાં આવ્યો નથી.

૮) એક વર્ષની મુદત ઉપરાંતનું લેણું નથી. જ્યારે વર્ષ દરમ્યાન કોઈપણ લેણું માંડીવાળવામાં આવ્યું નથી.

૯) રૂા. ૫,૦૦૦/- થી વધુ રકમનું બાંધકામ તથા મરામત ખર્ચ કરવામાં આવ્યું નથી.

૧૦) ટ્રસ્ટના નાણાંનું રોકાણ ટ્રસ્ટ એક્ટની કલમ-૩૫ વિરૂધ્ધ કરવામાં આવ્યું નથી.

૧૧) ટ્રસ્ટની સ્થાવર મિલ્કતોની હેરફેર, વેચાણ કલમ-૩૬ વિરૂધ્ધ કરવામાં આવ્યું હોય એમ અમારી જાણમાં આવ્યું નથી.

**મેસર્સ નવીનચંદ્ર એફ. શાહ એન્ડ કાં.**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

### પરિશિષ્ટ-૯ક

(જુઓ નિયમ ૩૨)

તારીખ ૩૧-૩-૨૦૧૧ ના રોજ પુરા થતા વર્ષ માટે ફાળો આપવા જોગ આવકનું પત્રક

**સાર્વજનિક ટ્રસ્ટનું નામ :** શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ • **નોધણી નંબર :** એ-૧૬૯૭-અમદાવાદ

| | રૂા. | પૈ. | રૂા. | પૈ. |
|---|---|---|---|---|
| **એકંદર વાર્ષિક આવક (ગ્રોસ)** | | | ૩૭૦૯૬૮ | ૪૦ |
| **બાદઃ ફાળા માટે મુક્ત આવકની વિગતો** | | | | |
| ૧. સ્થાપિત ફંડોને મળેલા દાન | ૭૮૮૬૫ | ૦૦ | | |
| ૨. દાન | ૧૬૯૧૬૩ | ૦૦ | | |
| ૩. સરકારે અને સ્થાનિક સંસ્થાઓએ આપેલી ગ્રાન્ટો | --- | -- | | |
| ૪. સીકીંગ ફંડ અને ઘસારા ફંડનું વ્યાજ | --- | -- | | |
| ૫. કેળવણી વિષયક હેતુ માટે ખર્ચેલ રકમ | ૩૦૫૦૦ | ૦૦ | | |
| ૬. વૈદકીય હેતુ માટે ખર્ચેલ રકમ | ૩૭૦૦૦ | ૦૦ | | |
| ૭. ખેતીવાડીના હેતુ માટે વપરાતી જમીનની આવકમાંથી કપાતો | | | | |
| (અ) જમીન મહેસુલ અને લોકલ ફંડ રોસ | --- | -- | | |
| (બ) પટે રાખેલી જમીન ઉપર આપવાનું ભાડુ | --- | -- | | |
| (ક) ટ્રસ્ટ તરફથી જમીન ખેડવામાં આવતી હોય તો ઉત્પાદનમાં ખર્ચ | --- | -- | | |
| ૮. બીન ખેતીવાડીના હેતુ માટે વપરાતી સ્થાવર મિલ્કત | | | | |
| (જમીનો તથા મકાનો) ની આવકમાંથી કપાતો | | | | |
| (અ) આકારણી સેસ અને બીજા સરકારી અથવા મ્યુ. કરો | | | | |
| (બ) જમીનભાડું | | | | |
| (ક) વિમાનું પ્રિમિયમ | --- | -- | | |
| (ડ) મકાનનો એકંદર ભાડાના ૮ાા ટકા દરે મરામત ખર્ચ | --- | -- | | |
| (ઈ) ભાડે આપેલા મકાનનો એકંદર ગ્રોસ ભાડાના ૪ ટકાના | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| દરે ભાડું ઉઘરાવવાનું ખર્ચ | | | | |
| ૯. એક ટકાના દરે સીક્યુરીટી સ્ટોક વગેરેમાંથી થયેલ આવક અથવા મળેલ રકમ વસુલ કરવાનું ખર્ચ | --- | -- | | |
| ૧૦. ભાડે નહી અપાયેલ અને બીન આવકવાળા તથા પોતે વાપરતા મકાનના એકંદર અંદાજેલા વાર્ષિક ભાડાના ૮॥ ટકાના દરે મરામત માટે કપાત | | | ૩૧૫૫૨૮ | ૦૦ |
| **ફાળો આપવા જોગ આવક** | | | **૫૫૪૪૦** | **૪૦** |

**શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ.**
**ટ્રસ્ટી, સહી**
**તારીખ : ૧૮-૦૭-૨૦૧૧, સ્થળ - અમદાવાદ.**

**મેસર્સ નવીનચંદ્ર એફ. શાહ એન્ડ કાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## પરિશિષ્ટ-૮

### સરવૈયુ

### ફંડો તથા જવાબદારીઓ

| | |
|---|---|
| ટ્રસ્ટ ફંડ તથા સ્થાપિત મિલ્કત ફંડ : | - |
| બીજા અંકીત કરેલા ફંડો : | |
| શીડ્યુલ-૧ મુજબ | ૧૩૪૯૩૬૦. ૩૪ |
| જવાબદારીઓ : | |
| નોટબુક એડવાન્સ | - |
| | **૧૩૪૯૩૬૦. ૩૪** |

ઉપરનું સરવૈયું અમારી માન્યતા તથા
જાણ પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ
તેમજ મિલ્કત તથા લેણાંનો સાચો અહેવાલ રજુ કરે છે.

**શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ.**
**ટ્રસ્ટી, સહી**
**તારીખ : ૧૮-૦૭-૨૦૧૧, સ્થળ - અમદાવાદ.**

**મેસર્સ નવીનચંદ્ર એફ. શાહ એન્ડ કાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ

### સરવૈયુ

### મિલ્કત તથા લેણાં

| | | | | |
|---|---|---|---|---|
| **સ્થાવર મિલ્કત :** | | | | |
| **રોકાણો :** | | | | |
| શીડ્યુલ-૨ મુજબ | | | ૧૧૨૪૩૪૦ | ૦૦ |
| **વસુલ નહીં આવેલ ઉપજ** | | | | |
| એફ.ડી. વ્યાજના | ૧૫૩૧૫ | ૦૦ | | |
| પ્રગતિ મેગેઝીન જાહેર ખબરના | ૨૩૭૫૦ | ૦૦ | | |
| ટેલીફોન ડીરેક્ટરી જાહેરખબરના | ૫૦૦૦ | ૦૦ | | |
| નોટબુક જાહેરખબરના | ૬૦૦૦ | ૦૦ | | |
| દાનના | ૫૨૫૦૦ | ૦૦ | ૧૦૨૫૬૫ | ૦૦ |
| **વ્યાજ કપાત** | | | | |
| ગઈ સાલની બાકી | ૩૫૦૮ | ૦૦ | | |
| ચાલુ સાલના | ૪૪૮૦ | ૦૦ | ૭૯૮૮ | ૦૦ |
| **રોકડ તથા અવેજ :** | | | | |
| દેના બેન્ક એલીસબ્રીજ શાખા | | | | |
| સે.ખા.નં. ૪૦૧૬૭૬ | ૯૨૨૭૧ | ૯૬ | | |
| એચ.ડી.એફ.સી બેન્ક નવરંગપુરા | | | | |
| શાખા ખા. નં. ૦૦૬૧૦૦૦૧૯૬૭૭૮ | ૧૯૧૮૮ | ૦૭ | | |
| રોકડ હાથ ઉપર | ૧૨૦ | ૦૦ | ૧૧૧૫૮૦ | ૦૩ |
| **ઉપજ-ખર્ચ ખાતે** | | | | |
| ચાલુ સાલે ખર્ચનો ઉપજ કરતાં વધારો - ગયા વર્ષની બાકી | ૧૫૬૯૩ | ૮૧ | | |
| બાદ : ચાલુ સાલે ઉપજનો ખર્ચ કરતા વધારો | ૧૩૦૭૬ | ૫૦ | ૨૮૮૭ | ૩૧ |
| | | | ૧૩૪૯૩૬૦ | ૩૪ |

| | | | | |
|---|---|---|---|---|
| **પરિશિષ્ટ–૮માં દર્શાવેલ શીડ્યુલો :** | | | | |
| **શીડ્યુલ–૧ : બીજા અંકીત કરેલા ફંડો** | | | | |
| **અ) કાયમી ફંડ :** | | | | |
| કાયમી ફંડ ખાતે | | | | |
| ગઈ સાલની બાકી | ૪૩૯૬૮૭ | ૦૦ | | |
| ઉમેરો : ચાલુ સાલે કાયમી | | | | |
| મેમ્બરશીપ ફી | ૨૪૦૧ | ૦૦ | | |
| કાયમી સભ્યોની દાખલ ફી | ૧૩૭૦૧ | ૦૦ | ૪૫૫૭૮૯ | ૦૦ |
| **કાયમી કેળવણી ફંડ ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૮૦૦૦૫ | ૦૦ |
| **શ્રીમતી તારાબેન કાંતિલાલ મહેતા** | | | | |
| **સ્કોલરશીપ ફંડ ખાતે** | | | | |
| ચાલુ સાલે ભેટ | | | ૧૫૦૦૦૦ | ૦૦ |
| **કાયમી નોટબુક યોજના ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૨૫૦૦૦ | ૦૦ |
| **મંત્રીશ્રી બાબુલાલ મેડીકલ** | | | | |
| **ફંડ ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | ૩૬૭૩૨૦ | ૦૦ | | |
| ઉમેરો : ચાલુ સાલે ભેટ | ૧૫૦૦૦ | ૦૦ | ૩૮૨૬૨૦ | ૦૦ |
| **શ્રી સુબોધભાઈ માનચંદ શાહ** | | | | |
| **સાધર્મિક ફંડ ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | ૮૨૦૦૧ | ૦૦ | | |
| ઉમેરો : ચાલુ સાલે ભેટ | ૪૭૭૬૩ | ૦૦ | ૧૨૯૭૬૪ | ૦૦ |
| **ચાલુ ફંડ** | | | | |
| **કેળવણી ફંડ ખાતે** | | | | |
| ગઈ સાલની બાકી | | | ૧૨૬૧૮૨ | ૩૪ |
| | | | ૧૩૪૯૩૬૦ | ૩૪ |
| **શીડ્યુલ–૨ : રોકાણો :** | | | | |
| એચ.ડી.એફ.સી. ડીપોઝીટ | | | ૩૪૨૯૪૦ | ૦૦ |
| ગૃહ ફાઈનાન્સ લી. ડીપોઝીટ | | | ૭૦૦૦૦૦ | ૦૦ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લી. | | | ૮૧૪૦૦ | ૦૦ |
| | | | **૧૧૨૪૩૪૦** | **૦૦** |

**શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ.**
**ટ્રસ્ટી, સહી**
**તારીખ : ૧૮–૦૭–૨૦૧૧, સ્થળ – અમદાવાદ.**

**મેસર્સ નવીનચંદ્ર એફ. શાહ એન્ડ કાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ

પરિશિષ્ટ–૯

તારીખ ૩૧–૩–૨૦૧૧ના રોજ પુરા થતા વર્ષનું ઉપજ – ખર્ચ ખાતુ

ઉપજ

| | | | | |
|---|---|---|---|---|
| **વ્યાજ ખાતે** | | | | |
| એચ.ડી.એફ.સી. ડીપોઝીટ વ્યાજ | ૨૩૬૦૧ | ૦૦ | | |
| સરદાર સરોવર બોન્ડ વ્યાજ | ૧૬૧૦૦ | ૦૦ | | |
| બેન્ક સે. વ્યાજ | ૨૬૪૪ | ૪૦ | | |
| ગૃહ ફાઈનાન્સ લી. ડીપોઝીટ વ્યાજ | ૫૧૬૪૫ | ૦૦ | ૯૩૯૯૦ | ૪૦ |
| **દાન :** | | | | |
| રોકડ તથા વસ્તુ રૂપે મળેલ દાન : | | | | |
| **કાયમી દાન** | | | | |
| કાયમી મેમ્બરશીપની રકમ | ૧૩૭૦૧ | ૦૦ | | |
| કાયમી સભ્યોની દાખલ ફીના | ૨૪૦૧ | ૦૦ | | |
| શ્રી સુબોધભાઈ માનચંદ શાહ સાધાર્મિક ફંડ ખાતે | ૪૭૭૬૩ | ૦૦ | | |
| મંત્રીશ્રી બાબુલાલ મેડીકલ ફંડ ખાતે | ૧૫૦૦૦ | ૦૦ | | |
| | ૭૮૮૬૫ | ૦૦ | | |

| | | | | |
|---|---|---|---|---|
| **ચાલુ દાન :** | | | | |
| ચાલુ ભંડોળ ખાતે | ૧૬૯૧૬૩ | ૦૦ | ૨૪૮૦૨૮ | ૦૦ |
| **બીજી આવક** | | | | |
| પ્રગતિ માસિક જાહેરાત | ૨૫૦૦૦ | ૦૦ | | |
| રોકાણ ઈન્સેટીવની આવક | ૩૯૫૦ | ૦૦ | ૨૮૯૫૦ | ૦૦ |
| | | | **૩૭૦૯૬૮** | **૪૦** |

**શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ.**
**ટ્રસ્ટી, સહી**
**તારીખ : ૧૮-૦૭-૨૦૧૧, સ્થળ - અમદાવાદ.**

**મેસર્સ નવીનચંદ્ર એફ. શાહ એન્ડ કાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

## શ્રી જૈન વીશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ

ખર્ચ

| | | | | |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચ :** | | | | |
| પોસ્ટેજ ખર્ચ | ૧૫૭૩૪ | ૦૦ | | |
| પ્રીન્ટીંગ સ્ટેશનરી ખર્ચ | ૨૯૨૦ | ૦૦ | | |
| બેંન્ક ચાર્જીસ | ૫૪૧ | ૯૦ | | |
| એસ.એમ.એસ. ખર્ચ | ૫૦૦૦ | ૦૦ | ૨૪૧૯૫ | ૯૦ |
| **ઓડીટ ફી :** | | | ૪૪૧૨ | ૦૦ |
| **ફાળો અને ફી :** | | | ૧૭૦૪ | ૦૦ |
| **પરચુરણ ખર્ચ** | | | | |
| અન્ય આવકની લ્હેણી રકમ માંડવાળ | | | ૯૫૦૦ | ૦૦ |
| **રીઝર્વ તથા અંકીત કરેલા ફંડો :** | | | | |
| સામે દર્શાવ્યા મુજબ કાયમી ભેટ | | | ૭૮૮૬૫ | ૦૦ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ** | | | | |
| નોટબુક ખાતે નુકશાની | ૧૦૦૦ | ૦૦ | | |
| મેળાવડો તથા તેજસ્વી વિદ્યાર્થી બહુમાન ખર્ચ | ૭૦૦૯૦ | ૦૦ | | |
| રમત-ગમત પ્રમોશન ખર્ચ | ૩૨૬૫ | ૦૦ | | |
| યાત્રા પ્રવાસ ખર્ચ | ૧૫૦૦૦ | ૦૦ | | |
| વૈદકીય સહાય ખર્ચ | ૩૭૦૦૦ | ૦૦ | | |
| સેમીનાર ખર્ચ | ૬૫૫૦ | ૦૦ | | |
| શૈક્ષણિક મદદ ખર્ચ | ૩૦૫૦૦ | ૦૦ | | |
| સાંસ્કૃતિક પ્રોગ્રામ ખર્ચ | ૧૩૯૬૦ | ૦૦ | | |
| પ્રગતિ મેગેઝીન ખર્ચ (નેટ) | ૩૬૭૫૦ | ૦૦ | | |
| આર્થિક સહાય | ૯૦૦૦ | ૦૦ | | |
| શૈક્ષણિક ખર્ચ ઈનામ ખર્ચ | ૧૩૯૫૦ | ૦૦ | | |
| જનરલ મિટીંગ ખર્ચ | ૨૪૨૦ | ૦૦ | ૨૩૯૨૧૫ | ૦૦ |
| **વધારો** | | | | |
| ઉપજનો ખર્ચ કરતા વધારો જે સરવૈયામાં ઉપજ ખર્ચ ખાતે લઈ ગયા | | | ૧૩૦૭૬ | ૫૦ |
| | | | **૩૭૦૯૬૮** | **૪૦** |

અમારા આજ તારીખના આ સાથેના રીપોર્ટ મુજબ
અમદાવાદ

**શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ ગોળ યુવક મંડળ, અમદાવાદ.**
**ટ્રસ્ટી, સહી**
**તારીખ : ૧૮-૦૭-૨૦૧૧, સ્થળ - અમદાવાદ.**

**મેસર્સ નવીનચંદ્ર એફ. શાહ એન્ડ કાં.**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ઓડીટર્સ,

# શ્રી જૈન વિશા શ્રીમાળી ૧૦૮ના ગોળનું યુવક મંડળ-અમદાવાદ.

## પરિણય પરિચય ફોર્મ

(યુવક/યુવતિની વિગત)

પાસપોર્ટ સાઈઝનો ફોટો

નંબર______________

નામ ______________________________

સરનામું ______________________________

______________________________

ફોન નં.______________ મોબાઈલ નં.______________ ઈ-મેઈલ______________

જન્મ તારીખ :_____ /_____ /_____ ઉંમર (વર્ષ)______________ ઉંચાઈ (ઇંચ) ______________

બ્લડ ગ્રુપ________ કુંવારા/કુંવારી | વિધુર / છુટાછેડા શારિરીક ખોડ નથી / છે, તો કંઈ ?______________

પરણેલા ભાઈઓ☐ કુંવારા ભાઈઓ☐ પરણેલી બહેનો☐ કુંવારી બહેનો☐

હાલની પ્રવૃત્તિ ______________________________

ધંધો / નોકરીનું સરનામું ______________________________

______________________________ફોન નં. ______________

ધાર્મિક અભ્યાસ______________________________ જન્માક્ષરમાં માનો છો ? ☐ હા ☐ ના

ઉમેદવાર અંગેની વિશેષ માહિતી______________________________

મોસાળનું પુરૂ નામ______________________________ મોસાળનું ગામ______________

## પિતાશ્રી/વાલીની વિગત

પિતાશ્રી / વાલીનું પુરૂં નામ ______________________________ વતન______________

સરનામું ______________________________

ફોન નં. (રહે.)______________ (ઓ.)______________ વ્યવસાયનો પ્રકાર ______________

વ્યવસાયનું સરનામું ______________________________

નજીકના સંબંધીના નામ

૧) ______________________________ વતન______________ ફોન નં.______________

૨) ______________________________ વતન______________ ફોન નં.______________

**ઉમેદવારની સહી** ☐ **પિતાશ્રી/વાલીની સહી** ☐

# સંવત ૨૦૬૭ ના સામુહિક તપસ્વી પારણા, બહુમાન અને સાંવત્સરિક ક્ષમાપના સમારોહ

સુજ્ઞ સભ્યશ્રી

છેલ્લા બે વર્ષથી મંડળ આયોજીત સામુહિક તપસ્વી પારણાના કાર્યક્રમને મળેલ સફળતાને ધ્યાનમાં લઈને ચાલુ વર્ષે પણ આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. મંડળના તપસ્વી ભાઈ-બહેનો તપશ્ચર્યામાં ઓતપ્રોત રહે અને એમના પારણાં સંબંધિત સઘળી વ્યવસ્થા મંડળ કરે એ તપશ્ચર્યાની એક પ્રકારે વિશિષ્ટ અનુમોદના જ છે.

આવી વ્યવસ્થાને પરિણામે તપશ્ચર્યા કરવા માટે જ વિચારતા સભ્યો પણ ઉત્સાહપૂર્વક આ પંથે આગળ વધે એવી અમારી શુભ ભાવના રહી છે. આપ સૌના સહકાર અને સદ્ભાવ થકી આ આયોજન સફળ રહેશે એવો એમોને વિશ્વાસ છે.

| | | |
|---|---|---|
| **સ્થળ** | : | **શ્રી જૈન વીશા ઓસવાલ કલબ, શ્રેયસ પ્રતિષ્ઠાન નજીક, માણેકબાગની પાછળ, અમદાવાદ.** |
| **શુભદિન** | : | **શુક્રવાર, તારીખ ૦૨ સપ્ટેમ્બર, ૨૦૧૧** |
| **સમય** | : | **પારણા પ્રારંભ, સવારે ૮-૩૦ કલાકે<br>બહુમાન, સવારે ૧૦-૩૦ થી ૧૧-૦૦** |
| **ભોજન** | : | **૧૨-૦૦ થી ૧-૩૦** |

**● આ કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા આ પ્રમાણે છે. ●**

૧. મંડળના સભ્યના પરિવારમાં અઠ્ઠાઈ અને તેથી વિશેષ તપશ્ચર્યા થઈ હોય અને જેનું પારણું ભાદરવા સુદ પાંચમે આવતું હોય તે સૌ તપસ્વી એમના પારણા સામુહિક ધોરણે કરાવવા નામ નોંધાવી શકે છે. આ માટે તપસ્વી ભાઈ-બહેનોએ આ સાથે બીડેલ ફોર્મ સંપૂર્ણ વિગત, ફોટોગ્રાફ તથા સહી સાથે તારીખ ૨૯ ઓગષ્ટ, ૨૦૧૧ સુધીમાં કમીટીનાં સભ્યને પહોંચાડવાનું રહેશે.

| કમીટી મેમ્બરનું નામ | ગામ | મો. નંબર |
|---|---|---|
| અશોકભાઈ ભોગીલાલ શાહ | છઠીયારડા | ૯૩૭૫૯૭૮૦૩૩ |
| બીપીનભાઈ બાબુલાલ શાહ | કૈયલ | ૯૮૨૫૦૩૨૧૦૬ |
| ડૉ. કેતન વી. શાહ | લીંચ | ૯૩૨૮૨૧૨૧૧૨ |
| ડૉ. નવીન એસ. શાહ | અંબાસણ | ૯૮૨૫૦૨૧૬૮૧ |
| હર્ષદ બાબુલાલ શાહ | લણવા | ૯૮૨૪૦૨૧૬૪૮ |
| હીરેન રાજેન્દ્રભાઈ શાહ | ડાંગરવા | ૯૮૨૫૬૪૬૮૫૪ |
| પંકજ વીસાભાઈ શાહ | લાંઘણજ | ૯૦૯૯૦૯૯૨૦૨ |
| પ્રદિપ અનંતભાઈ શાહ | કંથરાવી | ૯૩૨૮૫૫૮૮૦૮ |
| સમીર પી. શાહ | પાંચોટ | ૯૮૨૫૦૨૭૮૮૭ |
| સિધ્ધાર્થ નીતીનભાઈ મણીઆર | મહેસાણા | ૯૪૨૮૫૯૮૦૭૬ |
| ઉદય આઈ. શાહ | ધોળાસણ | ૯૮૨૫૦૧૫૭૫૬ |
| ગોવિંદભાઈ નટવરલાલ શાહ | લણવા | ૯૮૨૪૦૫૫૪૪૪ |
| સૌરભ જીતેન્દ્રભાઈ શાહ | કૈયલ | ૯૮૨૪૫૩૧૪૩૧ |
| વિરલ લાલભાઈ શાહ | ધીણોજ | ૯૮૨૫૧૩૫૪૪૬ |
| રાજેન્દ્રભાઈ કે. શાહ | અંબાસણ | ૯૮૨૫૭૮૦૩૯૧ |

૨. આપણા મંડળના દરેક સભ્ય તથા પરિવારજન આ પ્રસંગે ઉપસ્થિત રહી શકશે અને પારણા, બહુમાન તથા ભોજન સમારંભમાં ભાગ લઈ શકશે. ભોજન સમારંભના પાસ પારણાંના દિવસે, હોલ ઉપર ફક્ત સભ્યોને આપવામાં આવશે. સમય સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ રહેશે.

૩. પારણામાં ભાગ લેવા ઈચ્છતા તપસ્વી આપણા મંડળના સભ્ય સિવાયના મહેમાનોને આમંત્રણ આપી શકશે. આ આમંત્રિત મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી છે તે માટે વ્યક્તિ દીઠ રૂા. ૭૫ લેખે વધુમાં વધુ ૫૦ પાસ **એડવાન્સ** આપવામાં આવશે જેની વિગત તપસ્યા નોંધણી માટેના ફોર્મમાં લખી ફોર્મ આપતી વખતે મેળવી લેવાના રહેશે.

૪. પર્યુષણ પર્વના તપસ્વીઓ સાથે વર્ષીતપ, માળ પહેરેલ ઉપધાન, સિધ્ધિતપ અને ૫૦૦ આયંબિલ ૨૦૧૦-૨૦૧૧માં પૂર્ણ થયેલ હોય તેવા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવશે. આ તપસ્વીઓએ પણ સાથે બીડેલ ફોર્મ ભરવાનું રહેશે. **પરંતુ તેમની સાથે આવેલ મહેમાનો માટે ભોજનના પાસ અગાઉથી લેવાના રહેશે.**

૫. તપસ્વીઓની નોંધણી કરાવવાની અંતિમ તારીખ ૨૯ ઓગષ્ટ, ૨૦૧૧ રાખવામાં આવી છે. (ભગવાન મહાવીર સ્વામીના જન્મદિનની ઉજવણીરૂપ સુપન દર્શનના આ દિવસે સામાન્ય રીતે તપસ્વીના મનમાં તપની ભાવના સુદ્રઢ બની ચૂકી હોય છે.) યોગ્ય વ્યવસ્થા અને આયોજનને સફળ બનાવવા સહકાર આપવા વિનંતી છે.

## ખાસ નોંધ :-

(૧) સામુહિક પારણા, બહુમાન અને ક્ષમાપનાના પવિત્ર ત્રિવેણી સંગમ જેવા આ પ્રસંગે દાતાઓનો સહયોગ અનુમોદનીય બની રહેશે. પ્રસંગના મુખ્ય લાભાર્થી તથા સ્વામિ વાત્સલ્યના દાતા માટે રૂા. ૫૧,૦૦૦/- નો નકરો રાખવામાં આવ્યો છે. મુખ્ય દાતાશ્રીના પરિવારના હસ્તે પારણા કરાવવામાં આવશે.

| | |
|---|---|
| **● શ્રી ૧૦૮ સમગ્ર સમાજનો સ્વામી વાત્સલ્યનો અનુમોદનીય લાભ** | **રૂા. ૫૧,૦૦૦/-** |
| **● તપસ્વી બહુમાન દાતાશ્રી** | **રૂા. ૩૧,૦૦૦/-** |
| **● સંઘપૂજન લાભાથી** | **રૂા. ૨૧,૦૦૦/-** |

આ ઉપરાંત ચાલુ વર્ષે મંડળના નાના-મોટા સૌ સભ્યો યથાશક્તિ યોગદાન આપી શકે તે હેતુસર પાંતીની યોજના રાખવામાં આવી છે. પાંતીના રૂા. ૧૫૦૦/- છે.

સર્વે દાતાશ્રીના નામની યાદી સંઘપૂજનના કવરમાં તથા ૧૦૮ સંસ્કાર જ્યોતના આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

ખાસ અનુમોદના રૂપે જે સભ્ય રૂા. ૧૧.૦૦૦/- થી વધારેનો ફાળો આપશે તેમના નામ સમારંભના સ્થળે બેનર ઉપર પ્રકાશિત કરવામાં આવશે.

સૌ સભ્યો જાણે છે તેમ ચાલુ વર્ષે મોંઘવારીમાં ઘણો વધારો થતા આ આયોજનમાં ભંડોળની જરૂરિયાત વધતી જાય છે. અમને આશા છે કે મંડળના સુજ્ઞ અને ઉદારદિલ સભ્યો તપશ્ચર્યાની ઉત્તમ અનુમોદનાનો લાભ લઈ જીવનના સંભારણારૂપ સુકૃત કર્યાનો આનંદ લેવામાં અગ્રેસર રહેશે.

કર્મ સંજોગે આપણે સ્વયં તપશ્ચર્યા ન કરી શકીએ તો ઓછામાં ઓછું જ્ઞાતિબંધુને તપશ્ચર્યા કરવામાં પ્રેરણારૂપ બનીએ અને એમની તપશ્ચર્યાની અનુમોદનાનું પુણ્ય મેળવી શકીએ એવી ભાવના સૌ સભ્યોના હૈયે ઉભરી આવે એવી અમારી પ્રાર્થના છે.

(૨) આ પ્રસંગે તપસ્વીઓની અનુમોદના સ્વરૂપે પ્રભાવના કરવા ઈચ્છતા સભ્યોએ રૂા. ૧૫૦/- = ૧ આની રૂપે લખાવવાની રહેશે. આ પ્રભાવના અગાઉથી નોંધવામાં આવે તેવી ખાસ વિનંતી છે, જેથી સ્થળ પરની વ્યવસ્થા સચવાઈ રહે.

(૩) આ પ્રસંગે મંડળના સૌ સભ્યો તથા આમંત્રિત મહેમાનોને નમ્ર સૂચન છે કે મંડળ તરફથી રાખવામાં આવેલ જીવદયાની પેટીમાં રકમ અર્પણ કરીને સામુહિક પુણ્યનો લાભ લેવો, જે તપસ્વીઓની સાચી અનુમોદના છે.

(૪) પારણાના દિવસે પારણા કરનાર તપસ્વીની સાથે એક વ્યક્તિને બેસવાની વ્યવસ્થા આપવામાં આવશે.

(૫) આ પ્રસંગે વોલીન્ટીયર યુવકો તથા યુવતીઓની જરૂર પડશે. રસ ધરાવતા યુવકો તથા યુવતીઓ પોતાના નામ કમીટી મેમ્બરશ્રી ઉદયભાઈ, વિરલભાઈ, ને જણાવવા.

# તપશ્ચર્યાની નોંધણી માટેનું ફોર્મ

૧. તપસ્વીનું નામ.......................................ગામ....................

૨. મંડળના સભ્યનું નામ......................................................

૩. મંડળના સભ્ય સાથે સંબંધ................................................

૪. તપની વિગત..................................................................

સરનામું...........................................................................

ફોન નંબર (ઘર)................................ (મોબાઈલ).......................................

૫. તપસ્વીની વિશિષ્ટ સિધ્ધિ

.........................................................................................

૬. હોલ ઉપર પારણા કરવાના છે. ? ☐ હા ☐ ના

પારણા કરવા માટે અનુકુળ સમય

☐ ૮.૩૦ ☐ ૯.૩૦ ☐ ૧૦.૩૦

૭. આંમત્રિત મહેમાનો માટે લેવાની પાસની સંખ્યા ☐

૮. કુલ ચૂકવેલ રકમ

૧. પાસના રૂા. ૭૫ લેખે X .................=...................

૨. પ્રભાવના (રૂા. ૧ = ૧૫૦ લેખે) .................=...................

૩. ભેટ =...................

કુલ.....................

સભ્યની સહી..................

ફોર્મ સ્વીકારનાર કમીટી મેમ્બરનું નામ..............................................................

ફોર્મ સ્વીકારવાની તારીખ :.......................... ફોર્મ સ્વીકારવાનો સમય : ..............................

ફોર્મ સ્વીકારનાર કમીટી મેમ્બરની સહી................................

# એક પૂર્ણ – અપૂર્ણ સ્ત્રી

પાશ્ચાત સંસ્કૃતિ ના અનુકરણની આંધળી દોડમાં આપણે દોડતા જઈએ છીએ. બધાને આધુનિક બનવું છે. જમાનાથી આગળ વધવું છે. પણ એ અનુકરણના સારા–નરસા પરિણામોને મૂલવવા કોઈ તૈયાર નથી. ૧૪ ફેબ્રુઆરીનો દિવસ શું છે આ દિવસ ? આજે શાળા સ્તરના બાળકોને પણ પૂછો તો કદાચ એનો જવાબ મળી રહે – 'વેલેન્ટાઈન ડે' આજથી વીસ પચીસ વર્ષ પહેલાં આપણે આ દિવસને ઓળખતા પણ નહોતાં. પણ આજે આપણાં દેશમાં આ દિવસ એક ઉત્સવ, એક પ્રસંગની જેમ ઉજવાય છે. આજે રક્ષાબંધન જેવાં તહેવારનું મહત્વ ઘટી ગયું છે. પણ વેલેન્ટાઈન ડેની ઉજવણી પાછળ લાખો કરોડો રૂપિયાના વેપાર થાય છે. વેલેન્ટાઈન ડે સંત વેલેન્ટાઈનની યાદમાં ઉજવવામાં આવે છે. આપણા દેશમાં આ દિવસને પ્રેમીદિન તરીકે ઉજવવામાં આવે છે. પ્રેમ પોતાના સ્વરૂપે જ શાશ્વત છે.

આવા જ એક દિવસને હજી હમણાં હમણાં જ આપણે ઓળખતા થયા છીએ. ૧૦મી માર્ચ – મહિલાદિન. આ દિવસ પણ છેલ્લા પાંચ–સાત વર્ષમાં જ સંભળાતો થયો છે. જુદાં–જુદાં રાજ્યોની સરકાર પણ હવે આ દિવસને ઉજવતી થઈ છે. એ વાત જુદી છે. કે આ પાછળ નો તેમનો ઉદ્દેશ માત્ર ને માત્ર રાજકીય બાબત જ હોય છે. આ વર્ષે દિલ્હીના મુખ્ય મંત્રી શ્રીમતી શીલા દિક્ષીતે સ્રીઓની હાથ બનાવટની વસ્તુઓ વેચાય. તે વસ્તુના વેચાણ માટે તેમને બજાર મળી રહે અને તે હેતુથી સ્રી અર્થ ઉપાર્જન કરી શકે તેવી વ્યવસ્થા કરવાની બાંહેધરી આપી છે.આ વાત જો તેનાં યથા સ્વરૂપે બને તો તે આવકારદાયક છે. પણ જો તેની પાછળ માત્રને માત્ર રાજકીય ઉદ્દેશ હોય તો તે વાત પાયા વિનાની ઈમારત જેવી છે.

સ્રી પોતે જ શક્તિ છે. અધશક્તિ છે. પ્રેમનો અવિરત પ્રવાહ છે. વિશ્વનાં અતલ ઉંડાણમાંથી જન્મેલી સજીવન મૂર્તિ છે. સંવેદન અને ઉર્મિઓનો ખજાનો છે. ઈશ્વરનાં ઐશ્વર્ય અને સૃષ્ટિનાં સર્જનની ગરિમા છે. શબ્દોની કોઈ મર્યાદામાં જેને આવરી ન શકાય તે સ્રી છે. પણ એ સ્રીની વ્યક્તિગત મનોભૂમિથી લઈને કુટુંબ. સમાજ કે વિશ્વનાં સ્તરે મૂલ્ય કેટલું ? આજે પણ કોઈ માપદંડ સ્રીની ઉમદા અને અકલ્પ્ય શક્તિના સંચારનું મૂલ્યાંકન કરી શકે એમ નથી. કુટુંબમાં દિકરીનું જનમવું – એ આજે પણ મોટાભાગના કુટુંબનો શોકાતુર પ્રસંગ છે. દિકરો જન્મે તો પેંડા અને દિકરી જન્મ થાય તો જલેબી વહેચવી એ આપણી પ્રથા પાયામાંથી જ દિકરીને નિમ્નસ્તરની કક્ષાએ મૂકનારી છે. દિકરી દસ–બાર વર્ષની થાય તે પછી એને આપવામાં આવતી સમજ કે એને કાલે ઉઠીને પારકા ઘરે જવાનું છે. ત્યાં આમ નહીં હોય. આવી સાહેબી નહીં હોય, ત્યાં મા–બાપ નહીં હોય – શું છે એ ? નિશ્ચિતરૂપે દરેક મા–બાપે દિકરીને પરણાવીને પારકા ઘેર મોકલવાની જ હોય છે, અને દિકરીના ઉજ્જવળ ભાવિ માટે સારામાં સારી વ્યવસ્થા કે ગોઠવણ કરવાના જ હોય છે. તો પછી શા માટે બાર–પંદર વર્ષની ઉંમર થી જ આ બોજ એના માથે થોપવામાં આવે છે ? એ બાબત માન્ય છે કે આ વાત કહેવા પાછળનો મા–બાપનો ઉદ્દેશ માત્ર ને માત્ર પોતાના સંતાનને આવનારી પરિસ્થિતિનો સામનો કરવા માટે સક્ષમ બનાવવાનો જ હોય છે. પણ આ વાત ચોક્કસપણે દિકરીના સંવેદનતંત્રને ઠેસ પહોંચાડનારી જ પુરવાર થાય છે.

દિકરી થોડી મોટી થાય, યોગ્ય વયની થાય એટલે એને પરણીને પારકા ઘેર મોકલવાની હોય છે. અહીં યોગ્ય વય એ સૂચક છે, કારણ દિકરીના લગ્નની વય ભલે સરકારે ૧૮ વર્ષ નિયત કરી હોય. પણ જો દિકરીને સારુ સાસરુ મળે તો આ ઉંમર પહેલા પણ લગ્ન નહીં તો સગપણના બંધનમાં તો બાંધી જ દેવામાં આવે છે. પરણીને પારકા ઘેર જવાની મૂંઝવણ અને પીડા સ્રીના હિસ્સે જ હોય છે. બીજા ઘરમાં, બીજા વાતાવરણમાં મૂંઝવણભર્યા સન્નાટા ભાસે તેવાં ઘરમાં પોતાની જાતને બીજાને લાયક બનાવવાની કપરી અને કારમી વેદના એક દિકરીના જ હિસ્સે હોય છે. એક દિકરી પોતાના પતિ, સાસુ, સસરા, દિયર, જેઠ, નણંદ બધા સંબંધો પ્રમાણે પોતાની જાતને અનુકૂળ બનાવતા શીખતી જાય છે. સપનાઓની સમાધિ અને વાસ્તવિકતાની વિષમ પરિસ્થિતિઓમાં પીસાઈને દિકરીમાંથી થાય છે સ્રીનો જન્મ, તેનું નવનિર્માણ ! એ પછીના એના જીવનકાળનો કલ્પના અકલ્પ્ય છે.

આજની સ્રી પુરૂષ સમોવડી નહીં, પણ પુરૂષ કરતાં પણ ચડિયાતી બની ગઈ છે. કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ જેવી સ્રીઓ આભને આંબી ચૂકી છે. પણ આ સદ્ભાગ્ય બહુ જુજ સ્રીઓને નસીબ થયું છે. આજે પણ સ્રીની બુધ્ધિને પગની પાનીએ સમજનારો વર્ગ સમાજમાં બહોળો છે. દહેજ અને બળાત્કાર ના વરવા દૂષણો આજે પણ વતા ઓછા અંશે જોવા મળે છે. જે સમાજ કે દુનિયા આજે મહિલાદિનને ઓળખતી કે ઉજવતી થઈ છે તે માત્રને માત્ર દેખાડા છે,દંભ છે. બાકી અગણિત સ્રીઓની કારમી ચીસો આપણા કાનને અથડાઈને ગઈ છે, પણ અફસોસ કે આપણને એની ખબર સુધ્ધા નથી. જો આપણે હજી પણ આ દષ્ટિકોણ તરફ આંખ આડા કાન કરીશું તો આ સભ્ય સંસ્કૃતિનાં જતનનું શું થશે ? ધર્મનો જન્મ સંસ્કૃતિનાં ગર્ભમાંથી જ થયો છે. આપણે ધર્મ બચાવવો છે, સંસ્કૃતિ બચાવવી છે કે બસ ખાલી આપણી જાતને બચાવવી છે એ આપણો પ્રશ્ન છે ???

**– દિક્ષીતા દિવ્યેશ શાહ – પાંચોટ**

## પ. પૂ. આ. ભ. શ્રી નરરત્નસૂરીશ્વરજી મ.સા. તરફથી શ્રી જૈન વિશાશ્રીમાળી ૧૦૮ સમાજ ને ધર્મલાભ

વિશાળ સમાજમાં સભ્યપદ પ્રાપ્ત થવુ એ પુણ્યની નિશાની છે. વિશાળ સમૂહમાં ગઠિત અને સંગઠિત બનેલો સમાજ મોટા સાહસો કરવામાં અને મોટી સિધ્ધિઓ હાંસલ કરવામાં સરળતાથી સફળ બની શકે છે. અને માટે જ સંપએ મોટી શક્તિ છે. ડાહ્યા માણસો કોઈપણ ભોગે આ શક્તિનું જતન કરતા હોય છે.

આ શક્તિને તોડવા માટેનું સૌથી મોટુ અને એક માત્ર શસ્ત્ર છે. અહં.. અહં.. ને આધીન થઈને કેટલાક લોકો સત્તા લાલસા વિગેરે કારણોએ નાના જુથો રચી વિશાળ સમુદાયથી પોતાનો અલગ ચોકો ઉભો કરતા હોય છે. બિચારા તે લોકો તે વખતે તે વાત ભૂલી જાય છે કે તેઓ આ રીતે અજાણતા મોટા જૂથથી પોતાનું સભ્યપદ ચૂકતા જાય છે. અને મોટા સાહસોમાં સામેલ થવાની શક્તિ ગૂમાવતા જાય છે. બજારમાં જઈએ ત્યારે એક વસ્તુને ખરીદવા માનવીએ મૂલ્ય (રૂપિયા) ની ચૂકવણી કરવી પડે છે.

વસ્તુ માટે રૂપિયા છોડવા પડે છે. અને રૂપિયા છોડવા ન હોય તો વસ્તુ જતી કરવી પડે છે.

અહીં પણ બે છેડા છે એક અહં... બીજે છેડે સંપ જેણે સંપ જોઈતો હોય એણે અહંને જતો કરવો જ પડે અને અહં ન છોડવો હોય તેમે સંપ જતો કરવાની તૈયારી રાખવી પડે અનુભવી શિષ્ટ પુરૂષોની દ્રષ્ટિએ ધીરજ કેળવી સંપને જાળવી રાખનારો વધારે મહાન છે.

બે વિપરીત વિચારધારા ધરાવનારા કે દુશ્મનાવટ ધરાવનારા દેશો પણ પોતાના દેશ સમાજના હિતને કેન્દ્રમાં રાખી મતભેદો કે અહંને બાજુ પર મૂકી અરસપરસ સંધિ સાધવા દ્વારા, ચોક્કસ એજન્ડા ઉપર એક વિચાર સાધવા દ્વારા એટલે કે એક પ્રકારનો આંશિક સંપ સાધવા દ્વારા પોતાનુ કે પોતાની પ્રજાનું હિત કરે છે. બે વિપરીત દિશામાં ચાલતી રાજકીય પાર્ટીઓ પણ અમુક હદે સમાધાન કરી મીનીમમ એજન્ડા ઘડવા દ્વારા રાજશાસનમાં સાથે રહી શકે છે. તો આપણા સમાજને એક–સુદૃઢ–મજબુત બનાવવા માટે પોતાના અહંનો બલિ આપી દેવો એ તો મારી દ્રષ્ટિએ તમારા મહત્વ–ગૌરવને આસમાને લઈ જવાનો અને ધીરે ધીરે ગઠબંધનમાં યોગ્યતા પૂરવાર કરવા દ્વારા ટોચ ઉપર પહોંચવા માટેનો શ્રેષ્ઠ રાજમાર્ગ છે.

અહંને ગણતરી પૂર્વક પણ દબાવી દઈને સંપને પુષ્ટ કરવોએ મારી દષ્ટિએ સફળતાની નક્કર યાત્રા છે.

તુરંત ખબર ના પડે પણ લાંબા ગાળે તમારા આપેલા અહંના બલિદાનનો યશ તમને મળ્યા વગર રહેતો નથી અને એવા યશની મીઠાશ એટલી મધૂર હોય છે કે નાનકડા વિભાગોમાં વહેંચાઈ જવામાં કે અહં ખાતર વિખૂટા પડી જવામાં એવી મીઠાશ જીંદગીમાં ક્યારેય મળતી નથી.

**• આજથી મારુ પ્રતિજ્ઞા સૂત્ર •**

- "સંપના ભોગે અહં કદાપિ નહીં"
- તમે આગળ આવવા મથો એમાં તમારી કોઈ ગરિમા નથી કોઈ તમને આગળ લાવવા મથે એમાં જ તમારી ગરિમા છે.
- નાના જૂથમાં મોટા થવુ, તે કરતા મોટા જુથમાં નાના થવું તે પણ વધુ લાભપ્રદ છે.

# સિર્ફ એક ઉદ્દેશ

સ્વામિ વિવેકાનંદ સર્વ ધર્મ પરિષદમાં હાજરી આપી જ્યારે સ્વદેશ પરત આવ્યા ત્યારે તેમને આવકારવા સેંકડો લોકો એકત્રિત થયાં હતાં. વિવેકાનંદ પ્લેનમાંથી નીચે ઉતર્યા ત્યારે તેમના શરીર પર ભારતીય પાઘડી હતી પરંતુ પગમાં અમેરિકન બૂટ હતાં. એક પત્રકારને નવાઈ લાગતા તેણે પ્રશ્ન કર્યો કે પગમાં અમેરિકન બૂટ જોઈ સ્વામિજી, લાગે છે કે તમે અમેરિકાની અસર હેઠળ આવી ગયાં છો. એ પળે વિવેકાનંદનો જવાબ સાંભળવા જેવો અને સદાકાળ યાદ રાખવા જેવો હતો.

" અત્યાર સુધી મેં માત્ર હિન્દુસ્તાનની સંસ્કૃતિ જોઈ હતી. અમેરિકામાં ફર્યા બાદ ત્યાંની સંસ્કૃતિનો પરિચય થયો. બન્ને સંસ્કૃતિની તુલના કરતાં જણાયું કે આપણા દેશની સંસ્કૃતિ મસ્તકે રહેવા લાયક છે અને અમેરિકાની સંસ્કૃતિ પગમાં રહેવા લાયક છે, આ વાત સૌને સમજાય એટલે હિન્દુસ્તાની પાઘડી માથે રાખી છે. આપણે આપણી સંસ્કૃતિના ગુણો બાળકોમાં ઉતારી તેમને સંસ્કારેથી સુવાસિત કરવાનાં છે, આપણે આપણા બાળકને ભલે મહાન ન બનાવી શકીએ પરંતુ સજ્જન બનવાની દિશામાં દોરી શકીશું તો પણ એ પુણ્યશાળી પગલું ગણાશે"

**– સાધના કે. શાહ – (લીંચ)**

# "મારે માટે શું રહેશે"

સિકંદર બાદશાહના પિતા પરાક્રમી રાજા ફિલિપ હતા. સિકંદર નાની ઉંમરે ફિલિપે યુરોપ એશિયાના ઘણા દેશો ઉપર ચડાઈ કરીને તેને સર કરી લીધા હતાં. તેઓ વિજયવંત થઈને પાછા આવ્યા ત્યારે આખા રાજ્યમાં આનંદોત્સવ થયો, પણ દિગ્વિજયના સમાચાર સાંભળીને નાનો સિકંદર તો રાજમહેલમાં રડી પડ્યો. કોઈએ એને ઠપકો આપીને પુછ્યું " આમ કેમ રડે છે ? તારા બાપ આખી દુનિયા જીતીને આવ્યા છે, એટલે તારે તો હરખાવું જોઈએને"

પણ નાના સિકંદરે જવાબ આપ્યો "જો મારા બાપ આખી દુનિયા જીતી જાય, તો પછી મારે માટે જીતવાનું શું બાકી રહેશે ?"

**–ફાધર વાલેસ**

# પિતાની ભેટ

પોતાના પુત્રને કાંઈક ભેટ આપવાની એક પિતાની હોંશમાંથી એક નાની રૂપકડી ચોપડીની ઉત્પત્તિ થઈ છે.

પુત્ર પોતાની સ્વતંત્ર જિંદગીની મંજલ પર રવાના થવાની તૈયારીમાં હતો. ત્યારે કદાચ તેને ઉપયોગી નીવડે એવા શિખામણના બે શબ્દો કાગળ પર ટપકાવી લેવા માટે પિતા ઘરના એક ખૂણે બેસે છે. "જેક્સન બ્રાઉન" નામના એક પિતાએ વરસો પહેલાં ક્યાંક વાંચેલું કે પોતાનાં સંતાનો માટે સડક બાંધી આપવાની જવાબદારી માં-બાપો ઉપર નથી, એમણે તો વાટનો નકશો જ પૂરો પાડવાનો છે.

એ લખાણનાં કાગળો પુત્રનાં હાથમાં મૂકતાં પિતા એવું બોલ્યાં કે જીવન સુખદાયી શી રીતે બનાવી શકાય તે વિશેનાં પોતાના ખ્યાલો આમાં વ્યક્ત કરેલા છે. ભેટ હાથમાં લેતાં પુત્ર પિતાને ભેટી પડ્યો, એમની સાથે હાથ મિલાવીને વિદાય થયો.

થોડા દિવસ પછી એના નવા સ્થળેથી પુત્રનો ફોન આવ્યો. "બાપુ" એનો અવાજ સંભળાયો "તમે પેલી શીખ લખી આપી છે તે વાંચતો હોઉં ત્યારે મને લાગે છે કે મને મળેલી સારામાં સારી ભેટમાંથી આ એક છે."

પિતાની એ શીખમાંથી નીપજેલી અંગ્રેજી ચોપડીનું નામ છે. "લાઈફ્સ લિટલ ઈન્સ્ટ્રક્શન બુક" લેખક અમેરિકન છે, પણ તેની ઘણી શિખામણો અનેક દેશના પિતાઓ પોતાના પુત્રોને આપી શકે તેવી લાગે છે. મારો એક પુત્ર યુવાનવયે પહોંચ્યો છે, તેને લખી મોકલવા જેવી કેટલીક શિખામણો અહીં ગુજરાતીમાં ઉતારૂં છું.વાચકોને પણ પોતાના પુત્ર કે પુત્રીને લખી મોકલવાનું મન થાય તેવી એમાંથી નીકળશે એવી આશા છે.

- સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે, ભલે પછીએ કદી નહિં વંચાય એમ લાગે.
- કોઈપણ વિશે આશા સમૂળગી ત્યજી દેતો નહિં, ચમત્કારો દરરોજ બનતા હોય છે.
- દરેક બાબતમાં ઉત્તમતાનો આગ્રહ રાખજે, અને એની કિંમત ચૂકવવા તૈયાર રહેજે.
- તંદુરસ્તી એની મેળે જળવાઈ રહેવાની છે, એમ માનતો નહીં.
- તારી નજર સામે સતત કશુંક સુંદર રાખજે. ભલે પછી તે એક પ્યાલામાં મુકેલું ફૂલ જ હોય.
- સંપૂર્ણતા માટે નહિ, પણ શ્રેષ્ઠતા માટે મથજે.
- જે તુચ્છ છે, તેને પારખી લેતાં શીખજે, ને પછી તેની અવગણના કરજે.
- પોતાની જાતને સતત સુધારતા રહેવાની પ્રતિજ્ઞા લેજે.
- હારમાં ખેલદિલી બતાવજે, જીતમાં સમતાભાવ બતાવજે. પ્રશંસા જાહેરમાં કરજે, ટીકા ખાનગીમાં.
- તારા કુટુંબને તું કેટલું ચાહે છે.તે દરરોજ તારા શબ્દો વડે, સ્પર્શ વડે, તારી વિચારશીલતા વડે બતાવતો રહેજે.
- ગંદગી સામે જંગ માંડજે.
- પોતાના ગુજરાન માટે મહેનત કરતા દરેક માણસ સાથે સન્માનથી વર્તજે, ભલે એ કામ નજીવું હોય.
- એવી રીતે જીવજે કે તારાં બાળકો જ્યારે પણ ઈમાનદારીનો, નિષ્ઠાનો અને પ્રામાણિકતાનો વિચાર કરે, ત્યારે એ તને યાદ કરે.
- વિચારો મોટા કરજે, પણ નાના નાના આનંદો માણી જાણજે.
- ગુલાબોની સુવાસ, કુદરત નો સહવાસ માણવાનો સમય મેળવજે.
- કોણ સાચું છે તેની ફિકર કરવામાં સમય ઓછો ગાળજે, શું સાચું છે તે નક્કી કરવામાં વધારે.
- એકંદરે યુધ્ધમાં વિજય મેળવવા કાજે નાની નાની લડાઈઓમાં હારતાં શીખજે.
- જે ગાંઠ છૂટી શકે તે કાપતો કદી નહીં.
- દરેક ચીજ જે હાલતમાં આપણને મળી હોય તેનાં કરતાં જરાક સારી સ્થિતિમાં તેને મૂકતાં જવું.
- તને વખત નથી મળતો, એમ કદી ન કહેતો, એક દિવસનાં તને પણ એટલા જ કલાકો મળેલા છે જેટલા હેલન કેલરને, મધર ટેરેસાને અને આઈન્સ્ટાઈન ને.
- તને માન મળે તેમાં બીજાને સહભાગી બનાવજે.
- તારાં બાળકોને નિયમિત કશુંક વાંચી સંભળાવજે, ગીતો સંભળાવજે.
- "મને આની ખબર નથી." એમ કહેતા ડરતો નહિ. "મારાથી ભૂલ થઈ ગઈ" અમે કહેતાં અચકાતો નહિં "હું દિલગીર છું" આટલું બોલતાં ખચકાતો નહિં.
- પરમ કૃપાળુ પરમાત્મા ઉપર અત્યંત વિશ્વાસ રાખજે. તેમના બતાવેલા માર્ગ ઉપર ચાલવાની કોશીશ કરતો રહેજે.

**સંકલન - કલ્પેશભાઈ બચુભાઈ શાહ (ધોળાસણ)**

## સંબંધ

સંબંધોની સમજણ હું લાવું ક્યાંથી ?  
ચારેકોર સ્વાર્થ ના સગપણ ઉભા છે.  
જેને ગણું છું હું અહી પોતાના  
તેઓ જ જાણે દુશ્મન થઈ બેઠા છે.  
કરું છું પ્રયત્ન, સહુને ખુશ રાખવાનો સદા  
તેમ છતાં અસંતોષ સતાપ રહ્યા છે.  
લાગણીઓ ના તો માત્ર રહ્યો છે નામ હવે  
"માંગણીઓ"ના તો બસ, મતલબ રહ્યા છે.  
સંસારના રીવાજ છે, સાથે મળીને રહેવાનો  
બાકી તો આજે, ક્યાં કોઈ "કોઈ" ના રહ્યા છે.  
ના સમજતા દોસ્તો, આ વાત માત્ર "હાશ" ની  
જુઓ તો હર ઘર માં "કૈકયી" ના અલગ રૂપ મળ્યા છે.

**- હેમેન્દ્ર એ. શાહ "હાશ"**

# ભગવાનનું કામ ભગવાનને કરવા દો

એક પરિવાર છે... આ પરિવારના લોકો વચ્ચે ઓછા મતભેદ થાય છે.

આ પરિવારના એક વડીલને કારણ પૂછવું તેણે સરસ વાત કરી.

એ વડીલે કહ્યું કે અમારા પરિવારમાં દરેક વ્યક્તિને બે વાત શીખવવામાં આવે છે.

એક, નાના હોય તેને પ્રેમ કરવો. બે મોટા હોય તેનો આદર કરવો.

તકલીફો ત્યારે જ ઊભી થાય છે જ્યારે માણસ બીજાના કામમાં ચંચુપાત કરે છે.

આપણે મોટા ભાગે બીજાના કામ ઉપર નજર રાખીએ છીએ.

આપણે બીજાનો ચોકી પહેરો કરીએ છીએ અને આપણી જાતને રેઢી મૂકી દઈએ છીએ.

કોઈ કામ નાનું નથી, કોઈ કામ મોટું નથી.

સમજવા જેવી વાત એક જ છે કે દરેક કામ મહાન છે.

દરેક કામનું મહત્વ છે અને દરેક કામ જરૂરી છે.

એક બોલ્ટ નીકળી જાય તો આખું મશીન તૂટી પડે.

બોલ્ટ દેખાવમાં ભલે નાનો રહ્યો પણ તેનું કામ

બે વસ્તુને જોડી રાખવાનું છે, આપણે એ બોલ્ટની

એટલે કે નાના વ્યક્તિની કદર કરીએ છીએ ?

તમારી ઓફિસમાં કે દુકાનમાં જે વ્યક્તિ નાના મોટાં કામ કરે છે.

એ ન હોય તો શું થાય તેનો તમે કોઈ દિવસ વિચાર કર્યો છે ?

ઘર હોય, નોકરી-ધંધો હોય કે સમાજ હોય, બે વાત યાદ રાખવી જોઈએ.

એક તો દરેકના કામનો આદર કરો અને બીજું દરેકને પોતાનું કામ કરવા દો.

સાથો સાથ તમે એ જ કરો જે તમારે કરવાનું છે.

અમદાવાદના ભરતકુમાર ભગતે પોતાના જીવનની એક વાત સરસ રીતે લખીને ઈ.મેલથી મોકલી છે. આજથી ૧૪ વર્ષ પહેલાની વાત છે.

ભરતભાઈનો પુત્ર રાજિત બીમાર પડ્યો.

ડૉક્ટરે નિદાન કર્યું કે રાજિતને મેનેન્જાઈટિસ છે.

બીમારીના કારણે રાજિતની આંખો નબળી પડી ગઈ હતી.

એવો ડર હતો કે કદાચ રાજિતની આંખો કાયમ માટે ચાલી જશે.

ભરતભાઈ અને તેમનાં પત્ની જાગૃતિબહેન સતત ચિંતામાં રહેતાં હતાં.

રાજિતને બતાવવા ભરતભાઈ દવાખાને ગયા

ખાનગી દવાખાનાના વેઈટીંગ લોન્જમાં બેસી ભરતભાઈ પોતાનો વારો આવવાની રાહ જોતા હતા.

એવામાં એક અપંગ અને અણસમજુ દેખાતો બાળક દવાખાનામાં ઘૂસ્યો.

તેના હાથમાં અગરબતીના પેકેટ્સ હતાં. તે બધાને પૂછવા લાગ્યો કે અગરબતી લેવી છે ?

બાળકને જોઈને રિસેપ્શન કાઉન્ટર ઉપર બેઠેલા માણસે રાડ પાડી.

તું પાછો આવી ગયો? ચાલ બહાર નીકળ.

તને ના પાડી છે તો પણ ચાલ્યો આવે છે.

બહુ ખરાબ રીતે તેણે બાળકને તતડાવ્યો.

ભરતભાઈએ એ બાળકને પૂછ્યું, તને આટલી ખરાબ રીતે ખખડાવે છે

તો પણ તું શા માટે અહીં આવે છે ?

અણસમજુ દેખાતા એ બાળકે મોટી વાત કરી દીધી

બાળકે કહ્યું કે, હું મારું કામ કરું છું અને એ તેનું કામ કરે છે.

મારું કામ છે અગરબતી વેચવાનું, એટલે હું અગરબતી વેચું છું.

તેનું કામ છે મને કાઢી મૂકવાનું એટલે એ મને કાઢી મૂકે છે.

બાળકે વાત આગળ વધારી, તેણે કહ્યું કે હું અપંગ છું.

ગઈકાલે મારે ઘરે જવામાં મોડું થયું, ઘરે પહોંચ્યો ત્યારે મારી મા રડતી હતી.

મેં તેને પૂછ્યું તો કહ્યું કે તારી ચિંતા થતી હતી, તને કંઈ થઈ જાય તો ?

બાળકે તેની માને કહ્યું કે એ કામ તારું નથી.

તું ઘરનું ધ્યાન રાખે છે, બધા માટે જમવાનું બનાવે છે.

તારા બદલે હું જમવાનું બનાવું તો તને ગમે? ના ગમે ને ?

મારી ચિંતા કરવાનું કામ ભગવાનનું છે ને.

ભગવાનના કામમાં દખલ કરીશ તો ભગવાનને પણ નહીં ગમે!

ભરતભાઈ કહે છે કે એ બાળક તો આટલી વાત કરીને ચાલ્યો ગયો.

પણ મને આખી જિંદગી કામ લાગે એવો પાઠ શીખવાડી ગયો

હું સાવ હળવો થઈ ગયો મને વિચાર આવ્યો કે

હું દિકરાની ચિંતા ખોટી કરું છું, એ મારું કામ નથી.

મારું કામ તો છે તેને બેસ્ટ ટ્રીટમેન્ટ અપાવવાનું તેનું જતન કરવાનું અને તેને પોતાના દર્દમાં રાહત થાય તેવા પ્રયત્ન કરવાનું.

હું મારું કામ કરું અને બીજું કામ જેનું છે એના ઉપર છોડી દઉં.

ભગવાનને તેનું કામ કર્યું, ભરતભાઈ અને જાગ-તિબહેન કહે છે.

કે એ બાળકની વાત અમને જીવનનાં ડગલે અને પગલે કામ લાગી છે.

કર્મના સિદ્ધાંતમાં એક વાત અદૃશ્ય રીતે પણ કહેવામાં આવી છે.

કર્મ કરશો એટલે ફળ તો મળવાનું જ છે.

સનાતન સત્ય એ છે કે સારું કરશો તો સારું ફળ મળશે. અને ખરાબ કામ કરશો તો ખરાબ ફળ પણ મળવાનું જ છે.

તમારા કામને ઓળખો, તમારા કામને એન્જોય કરો.

બસ એટલું તપાસતા રહો કે મારે જે રોલ ભજવવાનો છે એ હું સરખી રીતે ભજવું છું કે નહીં ?

છેલ્લો સીન ઈશ્વરે તમને જેવા બનાવ્યા હોય એ કરતાં સહેજ ઊતરતા ન બનવું એમાં જ તમારું ગૌરવ છે.

અહીં શેક્સપીયરની કથાના શબ્દો ઉતારવાનું મન થાય છે કે

We all are puppets in the hands of
god performing various roles.

**સકંલન વિક્રાંત જીતેન્દ્રકુમાર શાહ-કૈયલ**

# સમાજના સમાચાર

## મંડળને ભેટ

રૂા. ૧૧૦૦૦/– વિરેન્દ્ર મંગળદાસ શાહ – ધિણોજ
હ. મુદ્રા સાધર્મિક સહાય ખાતે

રૂા. ૫૦૦૦/– શ્રી પુનમચંદ મયાચંદ શાહ – અંબાસણ
હાલ–સુરત પરિવાર તરફથી
ચિ. કાજલના લગ્ન નિમિત્તે

રૂા. ૨૫૦૧/– પ્રકાશ ચીમનલાલ શાહ – લીંચ
ચિ. ખુશ્બુના લગ્ન નિમિત્તે

રૂા. ૨૫૦૧/– શ્રી કપુરભાઈ રતીલાલ શાહ – લીંચ
ચિ. બિરજુના લગ્ન નિમિત્તે

રૂા. ૨૫૦૧/– સ્વ. પ્રભાવતીબેન પ્રવિણચંદ્ર શાહ–પાંચોટ ના
આત્મશ્રેયાર્થે હ. સમીરભાઈ

રૂા. ૧૫૦૦/– વિમલ પાનાચંદ શાહ – લીંચ
ચિ. ધારીણીના લગ્ન નિમિત્તે

રૂા. ૧૫૦૦/– કાંતિલાલ ચતુરદાસ શાહ – ધિણોજ
હ. કિર્તિભાઈ ચિ. અલ્પેશના દીકરા
હાર્દિકના લગ્ન નિમિત્તે

રૂા. ૧૦૦૧/– પંકજ વિસાભાઈ શાહ – લાંઘણજ
નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે

રૂા. ૧૦૦૦/– ચંદ્રકાંત કાંતિલાલ મહેતા – બોરીયાવી
ચિ. કુંજલના લગ્ન નિમિત્તે

રૂા. ૧૦૦૦/– ભીખાભાઈ વીરચંદભાઈ શાહ – લીંચ
ઉપધાન તપ નિમિત્તે હ. હસમુખભાઈ

રૂા. ૫૦૦/– શ્રી ભરતભાઈ ખેમચંદ શાહ – કૈયલ
ચિ. હેતલના લગ્ન નિમિત્તે

રૂા. ૫૦૦/– શ્રી વિરેન્દ્ર મંગળદાસ શાહ – ધીણોજ
ચિ. મુદ્રાના સગપણ નિમિત્તે

રૂા. ૫૦૦/– શ્રી જયેન્દ્ર ચંદુલાલ મહેતા – છઠિયારડા
ચિ. ધ્રુપેનના MBA અને ચિ. ધ્રુતિના
M. Com ની સફળતા નિમિત્તે

રૂા. ૨૫૦/– શ્રી અજય મંગળદાસ શાહ – ધીણોજ
ચિ. વરૂણના સગપણ નિમિત્તે

## નવા સંપર્ક સેતુ

(૧) પનાલાલ અનુપચંદ શાહ – ચાણસ્મા
મો. : ૯૯૭૯૧ ૭૩૪૭૭

(૨) જયેશ વિજયકુમાર શાહ – ચાણસ્મા
મો. : ૯૯૨૫૧ ૯૫૨૩૭

(૩) પ્રવિણ જેસિંગલાલ શાહ – ચાણસ્મા
મો. : ૯૪૨૭૪ ૦૮૫૨૯

(૪) કેતન મહેન્દ્રકુમાર શાહ – લાંઘણજ
મો. : ૯૨૨૭૨ ૬૦૦૦૪, ૯૪૨૯૦ ૬૨૨૯૨

(૫) વિકાસ વિનોદચંદ્ર શાહ – કૈયલ
મો. : ૯૯૭૯૨ ૬૬૧૧૯

(૬) સંજય મફતલાલ શાહ – કંથરાવી
મો. : ૯૪૨૮૫ ૭૮૬૩૦

(૭) કેતન ચંપકલાલ શાહ – મોઢેરા
મો. : ૯૯૯૮૦ ૮૨૭૮૩

(૮) ચંદ્રકાંત હરગોવનદાસ મણીયાર – મહેસાણા
મો. : ૯૯૭૪૨ ૯૯૮૮૦

(૯) ચંદ્રકાંત બાબુલાલ શાહ – ચાણસ્મા
મો. : ૯૬૬૨૧ ૪૩૫૭૭

(૧૦) જયસુખભાઈ ફકીરચંદ શાહ – ધોળાસણ
મો. : ૯૮૨૪૦ ૨૩૨૧૯

(૧૧) રોહન પ્રકાશકુમાર શાહ – અંબાસણ
મો. : ૯૩૭૭૭ ૮૯૯૯૮, ૯૩૭૪૧ ૨૨૭૪૨

(૧૨) પ્રકાશભાઈ ચીમનલાલ શાહ – રાસમ
મો. : ૯૮૨૫૭ ૩૪૦૩૦

## ૧૦૮ સમાજ ના નવા સભ્યો

**(૧) નરેન્દ્ર પૂનમચંદ શાહ (લીંચ)**
બી/૨૦૫, ધરણીધર ટાવર, પાંચમો માળ,
ધરણીધર દેરાસર સામે, પાલડી, અમદાવાદ–૭.
ફોન : (રહે.) ૨૬૬૪૧૭૮૨, ૯૪૨૭૦૧૨૨૫૯

**(૨) આશિષ રમેશચંદ્ર મહેતા (લીંચ)**
૩૭, છોટા શરાફી, ઝાલાનું બિલ્ડીંગ,
ઉજ્જૈન (મ.પ્ર.). ફોન : ૦૭૩૪–૨૫૫૬૮૯૨
મો. : ૦૯૮૨૭૨૨૨૩૭૬, ૦૯૪૦૬૬૨૨૬૭૬

**(૩) નિશીથ કાંતિલાલ શાહ (પીંપળ)**
એચ–૧૬, ગીતાંજલી ફ્લેટ, આઈ.ઓ.સી. ડેપો સામે,
ડી.કેબીન, અમદાવાદ. મો. : ૯૨૨૮૮ ૮૬૯૦૦

**(૪) દક્ષેશ બીપીનચંદ્ર શાહ (ચાણસ્મા)**
આઈ–૧૧, ૧૨૭, આકાશદીપ એપાર્ટમેન્ટ,
અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ.
મો. : ૯૯૭૯૫ ૭૭૯૭૧, ૯૩૭૫૨ ૬૮૩૦૭

**(૫) વિજય રોહિતભાઈ શાહ (રણુંજ)**
૨૫, જોગેશ્વરી સોસાયટી, પ્રિયા સિનેમા પાસે,
સિનેપ્રાઈડ સિનેમા પાછળ, કૃષ્ણનગર,
નરોડા રોડ, અમદાવાદ – ૩૮૨૩૪૬.
મો. : ૯૬૯૮૦ ૪૭૩૯૯, ૯૬૯૮૦ ૪૭૪૯૯

**(૬) પ્રશાંત રોહિતભાઈ શાહ (રણુંજ)**
૨૫, જોગેશ્વરી સોસાયટી, પ્રિયા સિનેમા પાસે,
સિનેપ્રાઈડ સિનેમા પાછળ, કૃષ્ણનગર,
નરોડા રોડ, અમદાવાદ – ૩૮૨૩૪૬.
મો. : ૯૨૨૮૩ ૨૦૭૨૮, ૯૮૨૫૪ ૩૪૮૪૯

**(૭) જીગર ચંદ્રકાંત મણીયાર (મહેસાણા)**
કે–૧૨, વિશ્રામનગર, અરીહંતનગર સામે,
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ – ૩૮૦૦૫૨.
ફોન : (રહે.) ૨૭૪૯૩૭૪૨ (ઓ.) ૨૬૮૯૦૮૨૬
મો. : ૯૮૭૯૦ ૯૫૬૬૩

(૮) **ધનેશ ચંદ્રકાંત મણીયાર (મહેસાણા)**
કે–૧૨, વિશ્રામનગર, અરીહંતનગર સામે,
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ – ૩૮૦૦૫૨.
ફોન : (રહે.) ૨૭૪૯૩૭૪૨ (ઓ.) ૨૬૮૯૦૮૨૬
મો. : ૯૮૯૮૭ ૯૫૮૯૯

(૯) **દિપેન વિનોદકુમાર શાહ (કૈયલ)**
એ–૯–૧૧, દેવાસ એપાર્ટમેન્ટ, જુહાપુરા,
ગુપ્તાનગર, અમદાવાદ – ૩૮૦૦૦૭.
ફોન : (રહે.) ૨૬૬૩ ૪૮૩૩
મો. : ૯૮૨૫૦ ૦૩૪૪૭

(૧૦) **મેહુલ નરેશભાઈ મહેતા (લીંચ)**
૩–એચ, ઋતુરાજ ફ્લેટ, પી.ટી. કોલેજ પાસે,
નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ–૭.
મો. : ૭૮૭૮૪ ૭૪૬૮૭

(૧૧) **ધ્રુવ શ્રેયશભાઈ શાહ (લીંચ)**
૪૦૧, સુમતિનાથ કોમ્પલેક્ષ, કોઠાવાલા ફ્લેટ સામે,
પ્રિતમનગર, અમદાવાદ – ૩૮૦૦૦૬.
ફોન : (રહે.) ૩૦૦૨૪૪૮૪ (ઓ.) ૨૫૩૫૦૬૯૩
મો. : ૯૭૧૨૬ ૪૩૮૪૬

(૧૨) **ડૉ. પ્રિયાંક ચંદ્રકાંતભાઈ શાહ (કૈયલ)**
એમ–૫૦–૫૯૦, સરગમ એપાર્ટમેન્ટ,
આકાશગંગા પાસે, સોલા રોડ હાઉસીંગ કોલોની,
અમદાવાદ – ૩૮૦૦૬૩. ફોન : (રહે.) ૨૭૪૧ ૭૧૨૬,
મો : ૯૮૨૪૩ ૮૭૬૬૭, ૯૪૦૮૫ ૪૮૦૫૨

(૧૩) **ભાવેશકુમાર મોતીલાલ મણીયાર (મહેસાણા)**
ઈ–૨૮, તરુણનગર રો–હાઉસ–૨, સુભાષચોક પાસે,
ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ – ૩૮૦૦૫૨.
મો. : ૯૯૦૪૯ ૬૯૨૦૦

(૧૪) **હર્ષિત ભાવેશકુમાર મણીયાર (મહેસાણા)**
ઈ–૨૮, તરુણનગર રો–હાઉસ–૨, સુભાષચોક પાસે,
ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ – ૩૮૦૦૫૨.
મો. : ૯૮૨૪૭ ૦૩૬૦૦

## શુભ વિવાહ

- **ચિ. ભુષણ** શ્રી હર્ષદભાઈ શાંતિલાલ શાહ – ગાંભુ
  **ચિ. કાજલ** શ્રી બચુભાઈ પુનમચંદ શાહ – અંબાસણ
- **ચિ. ધારીણી** શ્રી વિમલ પાનાચંદ મહેતા – લીંચ
  **ચિ. ગોપન** સ્વ. શ્રી નવીનભાઈ ભગવાનજીભાઈ ઠક્કર–ભુજ
- **ચિ. કુંજલ** શ્રી ચંદ્રકાંત કાંતિલાલ મહેતા – બોરીયાવી
  **ચિ. સજની** શ્રી સ્મિતેષભાઈ ચંદ્રકાંતભાઈ દલાલ – અમદાવાદ.
- ચિ. હાર્દિક શ્રી અલ્પેશ કાંતિલાલ શાહ – ધિણોજ
  ચિ. ખુશ્બુ શ્રી પ્રકાશભાઈ ચીમનલાલ શાહ – લીંચ
- ચિ. બિરજુ શ્રી કપુરભાઈ રતિલાલ શાહ – લીંચ
  ચિ. કૃતાર્થ શ્રી વિનોદભાઈ ચીનુભાઈ શાહ – દેત્રોજ

## નુતન ગૃહ પ્રવેશ

(૧) **નયન પૂનમચંદ શાહ (નંદાસણ)**
એ–૮, સિધ્ધિ એપાર્ટમેન્ટ, સાગર ઈલેક્ટ્રોનિક્સ પાસે,
જનતાનગર, ચાંદખેડા, અમદાવાદ – ૩૮૨૪૨૪.
મો. : ૯૨૭૫૧ ૪૮૨૨૨

(૨) **પંકજ વિસાભાઈ શાહ (લાંઘણજ)**
એ–૨૦૩, શાસન કોમ્પ્લેક્ષ, પ્રેરણાતીર્થ દેરાસર સામે,
જોધપુર ગામ, સેટેલાઈટ, અમદાવાદ – ૩૮૦૦૧૫.
ફોન : ૨૬૯૧ ૭૧૨૭

(૩) **મહેન્દ્રભાઈ અમરતલાલ શાહ (વડાવલી)**
૯૩, સેક્ટર–૫, નવા શ્રીનંદનગર સોસાયટી,
ચાંદલોડિયા રોડ, નિર્ણયનગર,
અમદાવાદ – ૩૮૦૦૧૩.


(૪) **કમલેશ નટવરલાલ શાહ (વડાવલી)**
બી–૩૦૨, વૃંદાવન રેસીડન્સી, વૈભવ ટાવર પાસે,
માનસી સર્કલ, વસ્ત્રાપુર, અમદાવાદ – ૩૮૦૦૧૫.
ફોન : ૨૬૭૬ ૨૪૧૦, મો. : ૯૪૨૭૯ ૮૯૫૨૭

(૫) **હેમંત વસંતલાલ શાહ (ડાંગરવા)**
બી–૧૧૦, બલેશ્વર કૃપા સોસાયટી,
ઈન્ડિયા કોલોની સામે, બલેશ્વર બંગલો પાસે,
બોપલ, અમદાવાદ – ૩૮૦૦૫૮.
ફોન : (રહે.) ૯૫૨૭૧૭ ૨૩૭૯૬૬
(ઓ.) ૨૮૫૭ ૫૨૦૭, મો. : ૯૮૨૫૧ ૩૯૯૬૬

## સગપણ

(૧) **ચિ. મુદ્રા** શ્રી વિરેન્દ્ર મંગળદાસ શાહ – ધીણોજ
**ચિ. કરણ** શ્રી વિપ્લવભાઈ વિનોદભાઈ વોરા – વઢવાણ
(૨) **ચિ. વરૂણ** શ્રી અજય મંગળદાસ શાહ – ધીણોજ
**ચિ. પાયલ** શ્રી પ્રમોદભાઈ નટવરલાલ શાહ – મુંબઈ

**દેવનાં દિધેલ**
પુત્ર :– દેવાંગ લાલભાઈ શાહ (ધિણોજ)



**અનુમોદનીય, સુકૃત અને અભિનંદન**
મંડળના સભ્યશ્રી વિરેન્દ્રભાઈ મંગળદાસ શાહ (ધિણોજ) ની સુપુત્રી ચિ. મુદ્રાએ તેના પ્રથમ પગારમાંથી રૂા. ૧૧૦૦૦ જેવી નોંધ પાત્ર રકમ સમાજના સાધાર્મિક ભાઈ–બહેનોના લાભાર્થે મંડળને ભેટ આપી છે. ઉગતી પેઢીના આવા સુંદર અને પ્રેરણાદાયી સુકૃતની મંડળ અભિનંદન સાથે અનુમોદના કરતા ગૌરવની લાગણી અનુભવે છે.

નોંધ :- જે સભ્યોને પ્રગતિ સમયસર મળતુ ન હોય અથવા ઉપરની કોઈપણ માહિતી મંડળને પહોંચાડવી હોય તો સૌરભ શાહ - ૯૮૨૪૫૩૧૪૩૧ પર સંપર્ક કરવો. આભાર...

# લાંબાગાળાના ડોનેશનની પોલીસી

**લાંબાગાળાના અને શરતી દાન ફક્ત નીચેની શરતોએ જ સ્વીકારવામાં આવશે.**

**(૧)** દરેક લાંબાગાળાના દાનની રકમમાંથી અલગ ફંડ બનાવવામાં આવશે અને ટ્રસ્ટ એક્ટની જોગવાઈ અનુસાર તેનું અલગ અથવા ટ્રસ્ટના બીજા રોકાણો સાથે રોકાણ કરવામાં આવશે.

**(૨)** જે તે વર્ષનું વ્યાજ દાનની શરતો અનુસાર મંજુર કરેલ હેતુસર જ વાપરવામાં આવશે. નહીં વપરાયેલ અથવા વધેલ વ્યાજ ફંડમાં ઉમેરવામાં આવશે.

**(૩)** ૧૦ વર્ષ બાદ આ ફંડમાંથી મળતા વ્યાજ અને જે તે હેતુસરના ખર્ચનું મુલ્યાંકન કરવામાં આવશે. વ્યાજમાંથી મળતી આવક ખર્ચ કરતા ઓછી થતી હશે તો તફાવત દાતા તથા તેમનાં પરિવારજનોએ પ્રત્યેક વર્ષે આપવાનો રહેશે.

જો આ તફાવતની રકમ ટ્રસ્ટને મળશે નહીં તો વ્યાજની આવક પુરેપુરી ફંડમાં ઉમેરી દેવામાં આવશે અને તે વર્ષે દાતાને દાનની શરતો અનુસારનો લાભ મળશે નહીં.

**(૪)** જે વર્ષે આવક કરતા ખર્ચની રકમ ૫૦% થી વધારે થાય તે વર્ષે સદરહુ ફંડ જનરલ ફંડમાં ભેળવી દેવામાં આવશે અને ત્યારબાદ દાતા અથવા તેમના પરિવારજનોને આ અંગે કોઈ હક્ક રહેશે નહીં.

**(૫)** આ ફંડમાં ભવિષ્યમાં મંડળ કોઈ રકમ ઉમેરશે નહીં.

**(૬)** જો કોઈ અન્ય સભ્ય અથવા ત્રાહિત વ્યક્તિ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ શરત વિના આ ફંડમાં દાન અથવા ફાળો આપવાની ઈચ્છા ધરાવતો હોય તો તે રકમ જે તે ફંડમાં ઉમેરી શકાશે. મૂળદાતા અથવા તેમના પરિવારજનો પણ ગમે તે સમયે આ ફંડમાં વધારાનું દાન આપી શકશે.

**(૭)** આ શરતો દાતા તરફથી આવેલ પ્રસ્તાવ તથા મંડળ તરફથી કોઈ વ્યક્તિની યાદમાં જાહેર કરેલ યોજના એમ બન્નેને સમાનપણે લાગુ પડશે.

**(૮)** આવકવેરા અથવા સખાવતી ટ્રસ્ટોના કાયદાની જોગવાઈઓ બાદ કરતા કોઈપણ સંજોગોમાં આ દાનને કાયમી અથવા આજીવન ગણવામાં આવશે નહીં.

**(૯)** લાંબાગાળાના દાનની શરતો તથા હેતસુર આપવામાં આવેલ લાભ અથવા હક્ક દાતાની ગેરહાજરીમાં તેમના વારસદાર પુત્રો જીવીત હોય ત્યાં સુધી સંયુક્તપણે તેમને મળતા રહેશે. પુત્રોની ગેરહાજરીમાં પુત્રીઓ પણ આ લાભ લઈ શકશે.

**(૧૦)** ઉપરની શરતો અનુસાર કારોબારી સમિતિ લાંબાગાળાનું દાન સ્વીકારી શકશે. ઓછામાં ઓછું રૂા. ૧.૦૦ લાખનું દાન આ યોજનામાં સ્વીકાર્ય બનશે. કારોબારી સમિતિ વખતો વખત આ સમયમાં વધારો કરી શકશે.

## અભિનંદન

| | |
|---|---|
| શાહ કિલ્પાબેન હિરેનકુમાર જયસુખલાલ | ધોળાસણવાળા |
| મણીયાર હર્ષિત ભાવેશકુમાર મોતીલાલ | મહેસાણા |
| શાહ મયુર પ્રવિણચંદ્ર પાનાચંદ | ચાણસ્મા |

ફાઈનલ સી.એ. ની પરીક્ષા
નબેમ્બર–૨૦૧૦માં પાસ થયેલ છે.

**શાહ હર્ષિલ મીનલકુમાર જયસુખલાલ**
**(ધોળાસણવાળા)**
ફાઈનલ એમ.બી.બી. એસ. ની પરીક્ષા
વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં પાસ થયેલ છે.

**અભિ નરેશભાઈ શાહ (પાંચોટ)**

ગ્રીસ – એથેન્સમાં Special Olympics માં રમાયેલ World Summer Game-2011 pics માં 184 દેશોના 7500 એથલેટ્સમાં સ્પર્ધાના 2 માં ભાગ લઈ 1 **ગોલ્ડ મેડલ અને** 1 **સિલ્વર મેડલ** મેળવી સમગ્ર ભારત અને આપણા સમગ્ર જૈન સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ અભિને ખૂબ અભિનંદન.

**શ્રી કાંતિલાલ કસ્તુરચંદ શાહ (ગાંભુવાળા) તરફથી મંડળને ભેટ**

અમારાં સ્વ. બહેન ચંદ્રીકાના કુળ દિપક ચિ. સુવિધ (I. T. Engineer) એ ફસ્ટ ટ્રાયલે UPSC-Civil Service (IAS-IPS-IRS Etc) પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ તેની માનદ પદવી મેળવી છે અને ભારત સરકારમાં કમીશ્નર લેવલે ઉંચો હોદ્દો પ્રાપ્ત કરી શકશે.જૈન સમાજમાં ગણ્યા ગાંઠ્યા બે–ચાર વિદ્યાર્થીઓ આ પદવી મેળવી છે. અમારા ભાણેજે આ પદવી મેળવતાં અમો હર્ષ–આનંદથી ભાવવિભોર થયા છીએ અને ગૌરવ અનુભવીએ છીએ.

અમારા સ્વ. બહેનનો આત્મા પણ જ્યાં વિચરતો હશે ત્યાંથી આર્શીવાદ વરસાવતો હશે જ.

**આ નિમિત્તે ૧૦૮ મંડળને રૂા. ૫૦૦/– સપ્રેમ ભેટ**

**૧૦૮ મંડળની પ્રગતિની શુભેચ્છા સાથે – શાહ કાંતિલાલ કસ્તુરચંદ (ગાંભુ)**

# મંત્રીશ્રીના મેજથી

સુજ્ઞ જ્ઞાતિજનો,

લાંબા સમયના અંતરાલ પછી આ આપણા સંસ્કાર જ્યોતના સેતુધ્વારા હું આપ સૌને મળી રહ્યો છું.

આ લખી રહ્યો છું ત્યારે મનમાં પ્રશ્ન ઉઠે છે કે સંસ્કારજ્યોતને સંપૂર્ણપણે વાંચનાર કેટલા હશે ? સમાજના સુજ્ઞ જ્ઞાતિજનોને આ કોલમના માધ્યમ દ્વારા મને સમજાય છે તેવું મારી ભાષામાં કહેવું છે મારા મનમાં પ્રશ્ન પણ ઉઠે છે કે વાંચનાર અલ્પ સંખ્યક વર્ગ હશે, કેમ કે સંસ્કારજ્યોતમાં પ્રમુખશ્રી, તંત્રી કે મંત્રી દ્વારા દર્શાવવામાં આવેલ વિચાર કે સૂચનનો અમલ થતો જોવા મળતો નથી. આવી છાપ એ ઉપરથી પડે છે કે, કોઈ કાર્યક્રમ કે જાહેરાત પછી ઘણા સમયે કેટલાક સભ્યો જે તે જાહેરાતનો અમલ કરવાનું કહે છે. આનું તાજુ જ ઉદાહરણ વિદ્યાર્થીઓને આપવામાં આવતા ચોપડાઓનુ છે. ચોપડાઓની યોગ્ય સંખ્યામાં વહેંચણી થઈ શકે તે માટે આપણે સંસ્કાર જ્યોતમાં ફોર્મ છપાવ્યું હતું. સભ્યોની માંગણી લગભગ ૨૨૫ ડઝનની હતી. સારી ક્વોલીટીનો પેપર, સારૂ કવરેજ, મોટી સાઈઝ, લગભગ ૧૬૦ પાનાં અને લગભગ ૬૦% ઓછી કિંમત છતાં જેઓએ ચોપડાઓ નોંધાવ્યા હતા તે સભ્યો પણ વારંવાર એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા છતાં લેવા ન ગયા. ૨૨૫ ડઝનની માંગણી સામે કદાચ બાકી રહેલા સભ્યો કે જેમના બાળકોને જરૂર હોય અને કદાચ ફોર્મ ન ભર્યા હોય અને તેઓની જરૂરિયાત મુજબ અગર લેવા અવો તો તેઓએ નિરાશ ન થવુ પડે માટે આપણે ૩૭૦ ડઝન ચોપડા બનાવ્યા અમારે એ પણ જોવાનુ હોય છે કે ચોપડાઓના વિતરણ બાદ પડી પણ ન રહેવા જોઈએ. આટલી કાળજી લીધા પછી પણ ચોપડાઓ લેવા આવનાર સભ્યો ઓછા જ રહ્યા. શું આટલી સારી ક્વૉલીટી અને આટલું સારૂં કન્સેશન લેવા છતાં સભ્યો આ પ્રવૃતિમાં રસ કેમ નહીં લેતા હોય ?

હું આપણા ૧૦૮ સમાજની જ વાત નથી કરતો પરંતુ લગભગ સમગ્ર લોકોની જીવનશૈલી – વિચારશૈલી બદલાતી જતી લાગે છે. વ્યક્તિલક્ષી ચિંતન વધ્યું છે એટલે જ સામુહિક ચિંતન, સામુહિક જીવન કે સામુહિક લાભની વાત વિસરાતી જાય છે. સમાજની વૈચારીક તાસિર બદલાતી જાય છે સહુને લાભ થાય તેવા આયોજનો કેવી રીતે કરી શકાય ?

શૈક્ષણિક કારકિર્દી સેમીનારનું પણ આપણે આયોજન કર્યું છતાં યોગ્ય સંખ્યામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન ન થવાથી આપણે આ કાર્યક્રમ સ્થગિત કરવો પડ્યો.

અંતમાં મારી સર્વ સભ્યોને વિનંતી કે આપ સહુ અંતઃકરણપૂર્વક સમાજના હિતમાં બદલાતા સમય અને સંજોગોમાં ઉદભવતા પ્રશ્નોના નિરાકરણ માટે શું વિચારી શકાય તેના સૂચનો અને આપનું યોગદાન મોકલી આપશો. સમાજ સહું ચિંતનશીલ સભ્યો આને ચિંતન શિબીરના ભાગરૂપે ચિંતન મોકલશો, એજ અભ્યર્થના.

શ્રી ૧૦૮ સમાજના હિતચિંતક, પથદર્શક સેવા વરિષ્ઠ **સભ્યશ્રી કાંતિલાલ જેસંગલાલ મહેતા**ના દુઃખદ અવસાનની નોંધ લઈ સદ્ગત વડીલશ્રીને મારી ભાવભરી શ્રધ્ધાંજલી અર્પણ કરૂં છું. **સ્વ. શ્રી કાંતિકાકા**એ મહેસાણાની સાર્વજનીક વિદ્યાલય ટ્રસ્ટ જેવી માતબર સંસ્થાનું પ્રમુખપદ શોભાવ્યું જે આપણે માટે ગૌરવ લેવા જેવી બાબત છે. તેઓશ્રી આ ઉપરાંત ગુજરાત વહેપારી મહામંડળ રેલ્વે સલાહકાર બોર્ડ અને સર્વોદય કો. ઓ. બેંકના ડીરેક્ટર પદે પણ રહી ચૂક્યા છે.

**અસ્તુ...**

# લગ્ન વિષયક

**યુવક**

**કોડ નં. ૦૧૦૮૧૧**

૧૦૮ ના ગોળના સારૂ કમાતા ઉ. વ. ૨૪, કુંવારા અમદાવાદ સ્થિત ૫'૯" (એસ.વાય.બી.કોમ.) યુવક માટે યોગ્ય જૈન શિક્ષીત યુવતીના વડીલો સંપર્ક કરો.

**યુવક**

**કોડ નં. ૦૨૦૮૧૧**

૧૦૮ ના ગોળના સારૂ કમાતા ઉ. વ. ૨૫, કુંવારા અમદાવાદ સ્થિત ૬' (એચ.એસ.સી.) યુવક માટે યોગ્ય જૈન યુવતીના વડીલો સંપર્ક કરો.

**(બાયોડેટા ઉપર જાહેરાતનો કોડ નંબર લખવો)**

**● બાયોડેટા મોકલવાનું સ્થળ ●**

૧૦૮ સમાજ લગ્નોત્સવ વિભાગ

૬, સુરાવલી ફ્લેટ, ૩૩ જૈનનગર, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭

લગ્નોત્સુક યુવક-યુવતી નામ રૂા. ૧૦૧/- ભરી છાપવામાં આવશે.

**ખાસ નોંધ :- સમાજના સભ્યોના દિકરા કે દિકરીના વેવિશાળ, લગ્ન કે પુત્ર-પુત્રીના જન્મની વિગતો સંપાદકીય મંડળને મોકલી આપવા વિનંતી. જેથી આ વિગત સંસ્કાર જ્યોતના આગામી અંકમાં પ્રકાશિત કરી શકાય.**